

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨ ❖ ૧૦, ઓગસ્ટ-૨૦૧૦

૨૮, શાબાન, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૮

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


❋ ઊઘડતે પાને .......................... ૦૧
❋ કુરઆન શિક્ષણ ...................... ૦૫
❋ અહાદીસ ............................. ૦૬
❋ અરબી મૂળાક્ષરોનો પરિચય ........... ૦૮
❋ દુઆનો આશય ....................... ૦૯
❋ ગડમથલ .............................. ૧૪
❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ .. ૧૫
❋ સીધો માર્ગ : કુરઆન અને એહલેબયત ૧૯
❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) ૨૫
❋ મોઢા અને ગળાનું કેન્સર ............. ૨૮
❋ નહજુલ બલાગહ ..................... ૨૯
❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. ૩૧
❋ જુંબિશે લબ .......................... ૩૩
❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... ૩૫
❋ મશાયખવાણી ......................... ૩૭
❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ....................... ૩૯
❋ પારિતોષિક વિજેતા ચમકતા સિતારા .. ૪૧
❋ જ્ઞાનગોષ્ઠિ .......................... ૫૧
❋ આપણા ઘરની વાતો .................. ૫૫
❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન..... ૫૭


## ઊઘડતે પાને...

ઈસવી સન ૬૨૮નું વર્ષ.

પહેલી ઝિલકાદ હિજરી સન-૬.

મુસલમાનોને મક્કાથી હિજરત કરીને મદીના આવ્યે ઘણાં વર્ષો વીતી ગયાં હતાં. તેથી વતનની યાદ અને ખાન-એ કા'બાની ઝિયારતની તમન્ના તેમના મનમાં તીવ્ર રીતે જાગી હતી. વળી હિજરી સન-૬માં હજનો આદેશ પણ થઈ ચૂક્યો હતો.

હજનો સમય નજીક આવ્યો હતો. પયગમ્બરે ઈસ્લામ(સ.)એ કા'બાની હજ કરવાનો ઈરાદો કર્યો. મુસાફરી માટેના સામાનની તૈયારી કરી. જ્યારે મુસલમાનોને આ વાતની ખબર પડી તો તેમણે પણ પયગમ્બર(સ.) સાથે હજ કરવા

જવાનો વિચાર કર્યો.

ઝિલકાદનો મહિનો હતો. એ મહિનામાં અરબો યુધ્ધ કરવાને હરામ સમજતા હતા. પહેલી ઝિલકાદના દિવસે લગભગ ચૌદસો મુસલમાનો પયગમ્બર(સ.)ની સાથે હજ કરવાના ઈરાદાથી મક્કા તરફ રવાના થયા. કુરબાની માટે સિત્તેર ઊંટ પણ સાથે લીધાં.

જતાં પહેલાં રસૂલ(સ.)એ ફરમાવ્યું,

'લડાઈની કોઈ સામગ્રી સાથે લઈ જવાની નથી નહિતર કુરૈશના લોકો એવું સમજશે કે આપણો ઈરાદો લડવાનો છે. માત્ર રક્ષણ માટે એકાદ તલવાર દરેકની પાસે હશે તો ચાલશે.'

આ બાજુ મક્કામાં કુરૈશના લોકોને મુસલમાનોના આગમનના સમાચાર મળ્યા તો તેઓ સામનો કરવા માટે શહેર બહાર નીકળી પડ્યા. આપ(સ.)એ મક્કાથી એક મંઝિલ દૂર હુદૈબિયા નામના સ્થળે એક કૂવા પાસે તંબુઓ ઊભા કરીને મુકામ કર્યો.

આ જગ્યાએ સંદેશવાહકોની આવન જાવન ચાલુ થઈ ગઈ. ઉર્વા ઈબ્ને મસઉદ નામના એક કુરૈશી એલચીએ પયગમ્બર(સ.) પાસે આવીને જણાવ્યું,

'મક્કાવાસીઓએ દરેક પ્રકારની યુધ્ધ સામગ્રી એકઠી કરી રાખી છે અને આવા સમયે તમારું મક્કામાં જવું સલાહભર્યું નથી.'

પરંતુ પયગમ્બર(સ.)ના નિશ્ચયમાં કોઈ ફેર ન પડ્યો. આ જોઈને તે એલચી પાછો ફર્યો અને મક્કાવાસીઓને બધી હકીકત કહી સંભળાવી.

પયગમ્બર(સ.)એ હઝરત ઉમરને બોલાવીને ફરમાવ્યું,

'તમે કુરૈશની પાસે જઈને કહો કે પયગમ્બર(સ.) તમારી સાથે લડવા માટે નથી આવ્યા. માત્ર કા'બાની હજ કરવાના ઈરાદાથી આવ્યા છે.'

હઝરત ઉમરે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! કુરૈશ મારા દુશ્મન છે. મને મારા પ્રાણનો ભય છે. મારો કોઈ હિમાયતી નથી. ઉસ્માનને અબુ સુફિયાનની પાસે મોકલવામાં આવે તે વધારે ઉચિત છે કારણ કે કુરૈશને તેમની સાથે મહોબ્બત છે.'

ત્યાર પછી પયગમ્બર(સ.)એ હઝરત ઉસ્માન મારફત કુરૈશના લોકોને સંદેશો પહોંચાડ્યો. કુરૈશના લોકોએ ઉસ્માનને ઘણું માન આપ્યું કારણ કે તેઓ સગપણની દૃષ્ટિએ અબુ સુફિયાનના ભત્રીજા થતા હતા અને બની ઉમૈયાના કબીલામાંથી હતા.

તે લોકોએ કહ્યું,

'અય ઉસ્માન ! જો તારો ઈરાદો હજ કરવાનો ોય તો તું હજ અદા કરી લે.'

ઉસ્માને કહ્યું,

'પયગમ્બર(સ.) વગર હું હજ કેવી રીતે અદા કરી શકું ?'

આ સાંભળીને કુરૈશના લોકો છંછેડાઈ પડ્યા અને ઉસ્માન તેમજ બીજા દસ મુસલમાનો કે જે મક્કામાં હતા તેમને કેદ કરી લીધા. ઉસ્માનના પાછા ફરવામાં અસાધારણ વિલંબ થવાથી એવી અફવા ફેલાઈ કે ઉસ્માન કુરૈશના હાથે કતલ થઈ ગયા છે. આ અફવા સાંભળીને મુસલમાનો ઉશ્કેરાયા અને કુરૈશીઓ સાથે યુધ્ધ કરવાનો નિશ્ચય કર્યો. (સંદર્ભ : હબીબુસ સિયર, રૌઝતુલ અહબાબ, તારીખ ઈબ્ને અસીર)

પયગમ્બર(સ.)એ મુસલમાનો પાસે યુધ્ધમાંથી નાસી નહીં જવાનો અને છેલ્લા શ્વાસ સુધી લડવાનો કરાર કરાવ્યો. આ કરાર થઈ રહ્યો હતો એવામાં ઉસ્માનના કતલ નહીં થવાના સમાચાર આવ્યા અને ખબર મળી કે કુરૈશના લોકોએ તેમને માત્ર કેદ કરી રાખ્યા છે.

થોડા સમય પછી કુરૈશ તરફથી સુહૈલ ઈબ્ને અમ્ર આવ્યો અને સુલેહ માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. ઉસ્માન પણ તેની સાથે હતા.

પયગમ્બર(સ.)એ સુલેહની તે દરખાસ્તનો સ્વીકાર કરી લીધો. હઝરત રસૂલે ખુદા(સ.)એ હઝરત અલી(અ.)ને આ સુલેહનામુ લખવાની આજ્ઞા કરી. આ સુલેહનામુ મક્કાની પાસે આવેલ હુદૈબિયા નામના સ્થળે લખવામાં આવ્યું હતું તેથી ઈતિહાસમાં તે **'હુદૈબિયાના સુલેહનામા'**ના નામથી જાણીતું છે.

હઝરત રસૂલ(સ.)એ હઝરત અલી(અ.)ને ફરમાવ્યું,

'પ્રથમ **બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ** લખો.'

સુહૈલે વાંધો ઉઠાવતાં કહ્યું,

'એ અમે જાણતા નથી. કુરૈશના લોકો જેમ લખે છે તેમ **બિસ્મિકલ્લાહુમ** લખો.'

પયગમ્બર(સ.)એ કહ્યું,

'સારું, એવું લખો.'

એ લખાઈ રહ્યા પછી પયગમ્બર(સ.)એ આજ્ઞા આપી,

'અય અલી ! હવે એવું લખો કે આ એ સુલેહનામુ છે કે જે મોહંમદ રસૂલિલ્લાહે કુરૈશની સાથે કર્યું છે.'

સુહૈલે કહ્યું,

'જો અમે આપને અલ્લાહના રસૂલ ગણતા હોત તો આપની સાથે લડત જ શા માટે ? આપ પોતાનું તથા પોતાના પિતાનું નામ લખો.'

પયગમ્બર(સ.)એ તે વિનંતીને પણ સ્વીકારી લીધી અને હઝરત અલી(અ.)ને **'રસૂલિલ્લાહ'** શબ્દ છેંકી નાખીને એની જગ્યાએ **'ઈબ્ને અબ્દુલ્લાહ'** લખવાની સૂચના આપી.

હઝરત અલી(અ.)એ કહ્યું,

'આ કામ મારાથી નહીં થાય. હું તો આપની રિસાલત ઉપર ઈમાન લાવેલો છું. મારાથી આ શબ્દો નહીં છેંકાય.'

આ સાંભળીને પયગમ્બર(સ)એ પોતે જ એ શબ્દ છેંકી નાખ્યો અન હઝરત અલી(અ.)ને સંબોધીને ફરમાવ્યું,

'અય અલી ! તમારા માટે પણ એક દિવસ એવો આવશે કે જ્યારે તમારી બાબતમાં આવું જ થશે.'*

## હુદૈબિયાના સુલેહનામાની શરતો

(૧) આ સુલેહનામાની મુદત દસ વર્ષ સુધી રહેશે. એ સમય દરમિયાન એક પક્ષ બીજા પક્ષના જાન માલને નુકસાન નહીં પહોંચાડે.

(૨) આ વર્ષે મુસલમાનો હજ પઢ્યા વગર જ પાછા ફરે.

(૩) આવતા વર્ષે તેઓ હજ પઢવા આવી શકે છે પરંતુ મક્કામાં સતત ત્રણ દિવસ કરતાં વધારે રહી શકશે નહીં.

(૪) તલવાર સિવાયનું કોઈ હથિયાર તેઓ પોતાની સાથે રાખી શકશે નહીં.

(૫) જે મુસલમાનો મક્કામાં છે એમને સાથે લઈ જઈ શકાશે નહીં. જે મક્કામાં રહેવા માગે તેને અટકાવી શકાય નહીં.

(૬) કુરૈશ અથવા મક્કાના મુસલમાનોમાંથી કોઈ મદીના ચાલ્યો જાય તો તેને પાછો સોંપવો અને જો કોઈ મુસલમાન મક્કામાં આવી જાય તો તેને પાછો સોંપાશે નહીં.

(૭) અરબના કબીલાઓ આ બન્ને પક્ષોમાંથી ગમે તે પક્ષમાં જોડાવા મુક્ત રહેશે.

જ્યારે હુઝૂર(સ.)એ આ બધી શરતો મંજૂર કરી લીધી તો કેટલાક મુસલમાનોએ ઊંડો વિચાર

---

*જંગે સિફ્ફીન પછી જ્યારે હઝરત અલી(અ.)**'આ સુલેહનામુ અમીરુલ મોમિનીન તરફથી મોઆવિયા ઈબ્ને અબુસુફિયાન સાથે છે'** એ શબ્દોથી શરૂ થતું સુલેહનામુ લખવા લાગ્યા ત્યારે ઉમર આસે મોઆવિયા તરફથી કહ્યું, **'અમીરુલ મોમિનીન'** શબ્દને છેંકી નાખો અને તેના બદલે **'અલી ઈબ્ને અબીતાલિબ'** શબ્દો લખો.' હઝરત અલી(અ.)એ કહ્યું, 'પયગમ્બર(સ.)એ સત્ય જ કહ્યું હતું' એવું કહીને એમણે ઉમરે આસની વિનંતીને સ્વીકારી હતી. (સંદર્ભ : અબુલ ફિદા, હબીબુસ સિયર, તઝકિરતુલ કિરામ)

કર્યા વગર એવી ટીકા કરી કે આ શરતો અત્યંત નરમ છે. પરંતુ હુઝૂર(સ.)એ તેની કોઈ દરકાર કરી નહીં કારણ કે આપ જે કંઈ કરી રહ્યા હતા તે ખુદાના હુકમથી જ હતું. આપને આ સુલેહમાં ઈસ્લામનો ઘણો મોટો વિજય દેખાતો હતો.

આ સુલેહનામા પછી મક્કાવાસીઓ આઝાદીથી મદીનામાં અવરજવર કરવા લાગ્યા. વેપારી સંબંધો પુનઃ સ્થાપિત થઈ ગયા. મુસલમાનોને તબ્લીગની સારી એવી તક મળી ગઈ અને પોતાના સુંદર ચારિત્ર્યની અને નીતિવાન જીવનથી તેમના ઉપર સારામાં સારી છાપ પાડી શક્યા. આ વેપારીઓ મક્કામાં જઈને ઈસ્લામ અને ઈસ્લામના અનુયાયીઓનાં ગુણગાન ગાવા લાગ્યા. પરિણામે કુરૈશના ખર્ચે અને જોખમે ઈસ્લામનો ધૂમ પ્રચાર થવા લાગ્યો અને લોકો મોટી સંખ્યામાં મુસલમાન થવા લાગ્યા.

કુરૈશના લોકોએ જોયું કે હુદૈબિયાના કરારનામાથી તેમને ઉલ્ટાનું નુકસાન થઈ રહ્યું છે તો તેને રદ કરવા માટે છેવટે તેમણે હઝરત રસૂલ(સ.) આગળ માગણી કરી. હુઝૂર(સ.) તો આવી કોઈ માગણીની રાહ જ જોતા હતા. આપે તે માગણી સ્વીકારી લીધી અને મક્કામાં જેટલા મુસલમાનો રહી ગયા હતા અને નવા થયા હતા તે બધાયને મદીના બોલાવી લીધા.

(વાચક મિત્રો ! હુદૈબિયાના સુલેહનામાનો આ પ્રસંગ તો ચૌદસો કરતાંય વધુ વર્ષો પહેલાં બનેલો છે. આજે એ સુલેહનામાની શરતો પણ લાગું નથી પરંતુ હુદૈબિયા નામના સ્થળે આજે પણ હુદૈબિયાનો કૂવો મોજુદ છે અને તે ઐતિહાસિક પ્રસંગની સાક્ષી પૂરતો અડીખમ ઊભો છે. -**તંત્રી**)

અમે આ સ્થળની જાતે જ મુલાકાત લીધી છે અને તસ્વીરો ઝડપી છે.

(હુદૈબિયાના કૂવાની તસ્વીર માટે જુઓ મુખપૃષ્ઠ અને અંતિમ પૃષ્ઠ)

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૧૧૭

**(૧) યહૂદી લોકોએ અઠવાડિયાના કયા વારને પવિત્ર દિવસ ગણ્યો છે ?**
(A) શુક્રવારને (B) શનિવારને
(C) રવિવારને

**(૨) હઝરત અલી(અ.)ના તાબેઈનમાંથી હઝરત અમ્મારે યાસર કયા જંગમાં શહીદ થયા હતા ?**
(A) જંગે જમલમાં (B) જગે નહેરવાનમાં
(C) જંગે સિફ્ફીનમાં

**(૩) હઝરાત મોહંમદ વ આલે મોહંમદ(સ.) માટે સદકો લેવો-**
(A) હલાલ છે (B) હરામ છે (C) મુસ્તહબ છે

**(૪) રોઝાદાર માટે નીચેનામાંથી કઈ બાબત મકરૂહ નથી ?**
(A) શરીરમાંથી લોહી ખેંચાવવું
(B) શરીર ઉપર ભીનાં કપડાં વીંટાળવાં
(C) સ્નાન કરવું

**(૫) તહજ્જુદની નમાઝમાં એક રકાત નમાઝ પઢવામાં આવે છે તે કઈ નિય્યતથી પઢવી?**
(A) નમાઝે વિતરની નિય્યતથી
(B) નમાઝે શબની નિય્યતથી
(C) નમાઝે શફઅની નિય્યતથી

**(૬) શરીઅતવાળા નબીઓની સંખ્યા કેટલી છે?**
(A) પાંચ (B) છ (C) સાત

**(૭) મુસલમાન માટે ખત્ના કરાવવા ક્યારે વાજિબ બને છે ?**
(A) જન્મના સાતમા દિવસે
(B) સમજણો થાય ત્યાં સુધી
(C) સમજણો થઈ ગયા પછી

**(૮) બાળકના જન્મ પછી બાળકનું નામ કેટલા સમય સુધીમાં પાડવું જોઈએ ?**
(A) જન્મ પછી તરત જ
(B) જન્મના સાતમા દિવસે
(C) જન્મ પછી ગમે ત્યારે

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ જે કોઈ સંસારી જિંદગી તથા દુનિયાના શણગારનો અભિલાષી હશે તેને અમે (જગત)માં જ કર્મોનો પૂરેપૂરો બદલો આપીશું, અને તેમને તેમાં કાંઈ પણ ઓછું આપવામાં આવશે નહીં. ✻ તે એ જ લોકો છે કે જેમના માટે આખેરતમાં(જહન્નમની) આગ સિવાય બીજું કાંઈ નથી, અને તેઓ જે (સારાં કાર્યો દુનિયામાં) કરતા હતા તે (સઘળા આખેરતમાં) નષ્ટ થઈ ગયાં અને જે કાંઈ તેઓ કરે છે તે વ્યર્થ જશે.

**(પારો-૧૨, સૂરએ હુદ, આયત-૧૫ થી ૧૬)**

✻ અને (હે મુસલમાનો !) જે લોકો જુલમ કરે છે તેમના તરફ વળો નહીં નહિતર આગ તમને અડકશે, અને અલ્લાહ સિવાય તમારા કોઈ હિમાયતીઓ થશે નહીં. પછી તમને સહાય પણ કરવામાં આવશે નહીં.

**(પારો-૧૨, સૂરએ હુદ, આયત-૧૧૩)**

✻ અને(હે રસૂલ !) દિવસના બે ભાગોમાં (સવારના તથા સાંજના) તથા રાત્રીના પ્રારંભમાં (પહેલા ભાગમાં) નમાઝ પઢ્યા કર : નિ:સંશય નેકીઓ બદીઓને મારી હઠાવે છે; બોધ ગ્રહણ કરનારાઓ માટે આ એક (ઉમદા) બોધ છે.

**(પારો-૧૨, સૂરએ હુદ, આયત-૧૧૪)**

✻ દરેક(માણસ) માટે પહેરેગીર (ફરિશ્તા નિમેલા) છે જેઓ અલ્લાહની આજ્ઞાથી તેની આગળ પાછળ રહી તેનું રક્ષણ કરે છે. બેશક અલ્લાહ કોઈ કોમની સ્થિતિ નથી બદલતો જ્યાં સુધી તેઓ પંડે પોતાની સ્થિતિ બદલે નહીં; અને અલ્લાહ જ્યારે કોઈ કોમના હકમાં બૂરાઈ ઈચ્છે છે તો તે હરગીઝ ટળી શકતી નથી, અને તેના સિવાય તેમનો કોઈ વાલી(મુરબ્બી) નથી.

**(પારો-૧૩, સૂરએ રઅદ, આયત-૧૧)**

✻ અને એ લોકોએ પોતાના પરવરદિગારની ખુશી પ્રાપ્ત કરવા માટે ધીરજ ધરી તથા નમાઝ કાયમ રાખી અને જે કાંઈ અમોએ તેમને આપ્યું હતું તેમાંથી છૂપી અને જાહેરી રીતે ખર્ચ કર્યું અને બૂરાઈનો બદલો ભલાઈથી આપતા રહ્યા તેમના જ માટે આખેરતના ઘરનું (સારું) પરિણામ છે. ✻ (અર્થાત) હંમેશ કાયમ રહેનારા બગીચા છે, જેમાં તેઓ દાખલ થશે અને (તેમની સાથે) તેમના બાપ-દાદાઓમાંથી તથા તેમની સ્ત્રીઓમાંથી તથા તેમની ઓલાદમાંથી જેણે જેણે નેક કરણી કરી હશે તેઓ પણ (તેમાં દાખલ થશે); અને ફરિશ્તા દરેક દ્વારથી તેમની પાસે આવ જા કરશે. ✻ (અને કહેશે કે) તમારા પર સલામ હોજો કારણ કે તમોએ ધીરજ ધરી હતી; માટે આખેરતના ઘરનું કેવું સારું પરિણામ આવ્યું !

**(પારો-૧૩, સૂરએ રઅદ, આયત-૨૨ થી ૨૪)**

✻ (એ જ તે લોકો છે કે) જેઓ ઈમાન લાવ્યા અને જેમના અંતઃકરણોનું અલ્લાહના સ્મરણથી સમાધાન થાય છે; યાદ રાખો કે અલ્લાહના સ્મરણથી જ અંતઃકરણોનું સમાધાન થાય છે.

**(પારો-૧૩, સૂરએ રઅદ, આયત-૨૮)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## સ્વચ્છતા અને પાકીઝગી વિષે ભાગ-૧

કેટલાક અજ્ઞાત ગ્રંથકારોએ એવા વિચારો વ્યક્ત કર્યા છે કે ઈસ્લામે લોકોના સ્વાસ્થ્ય વિષે વિસ્તૃત અહેકામો આપ્યા નથી. તેનાથી ઉલ્ટુ આ પવિત્ર ઈસ્લામી શરીઅતે સ્વચ્છતાની બાબતમાં કે જે જાહેર સ્વાસ્થ્ય રક્ષાની પ્રાથમિક શરત છે તે બાબતમાં અસાધારણ તાકીદ કરી છે.

ઈસ્લામ ધર્મે પીવાના પાણીથી માંડીને મકાન અને પોષાક ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પાણી ધરાવનાર કૂવાઓની સાથે સાથે દરેક વસ્તુની સ્વચ્છતા વિષે આરોગ્ય રક્ષાને માટે ઘણા બધા હુકમો કર્યા છે.

**પીવાના પાણી સંબંધિત હુકમો :**

કુરઆને મજીદ લોકોને ખુદા તરફથી અર્પણ કરેલી નેઅમતો ગણાવતાં ફરમાવે છે : **'અમે જમીન પર ઊંચા પર્વતો કાયમ કર્યા અને તેમાંથી તમને રૂચિકર પાણી (જે સ્વચ્છ હતું તે) પીવડાવ્યું.'**

ઈસ્લામ કહે છે કે સ્વચ્છ વાસણોનો ઉપયોગ કરવો જોઈએ અને આ કારણે હઝરત રસૂલે અકરમ(સ.) શામી પ્યાલામાં પાણી પીવાનું પસંદ કરતા હતા (જે પ્યાલા એ જમાનામાં સ્વચ્છ અને ઉમદા વાસણ ગણવામાં આવતાં હતાં.) અને ફરમાવતા હતા કે આ (શામી પ્યાલા) સૌથી વધારે પાક વાસણો છે.

આધુનિક જમાનાના તબીબો જે ચીજ વસ્તુની રોક ટોક એ જીવાણુંઓનાં નામ લઈને કરતા હતા તેના કરતાં તો ઈસ્લામે સદીઓ પહેલાં વિવિધ નામોથી મનાઈ ફરમાવી દીધી છે. હઝરત રસૂલે અકરમ (સ.)એ પાણી પર ફૂંક મારવાની મનાઈ કરી છે.

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'વાસણના તૂટેલા ભાગથી અને એવી જ રીતે તેના હેન્ડલ તરફના ભાગથી (જે કુદરતી રીતે જ લુપ્ત હોય છે) પાણી ન પીઓ કેમકે ત્યાં શયતાન બેઠેલો હોય છે.'**

પયગમ્બરે અકરમ(સ.) ફરમાવે છે :

**'વાસણના હાથાવાળા ભાગ તરફથી પાણી ન પીઓ કેમકે ત્યાં મેલ જામી જતો હોય છે.'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'કૂંજાની ટોટીથી અથવા તેના તૂટેલા ભાગથી પાણી ન પીઓ કેમકે ત્યાંથી શયતાનો પાણી પીતા હોય છે.'**

**'તદઉપરાંત રસૂલે અકરમ(સ.)એ મોઢામાંનું પાણી, પીવાના પાણીમાં ફેંકવાની મનાઈ ફરમાવી છે અને એવી જ રીતે જાનવરોની માફક (વહેતા પાણી ઉપર મોઢું લગાવીને) પાણી પીવાની પણ મનાઈ કરી છે.'**

**ખોરાક ખાવા સંબંધી હુકમો :**

પાણી પીવાની બાબત પછી ખોરાક ખાવાની બાબત પણ ધ્યાન રાખવા જેવી છે. આ ધ્યેયને સિધ્ધ કરવા માટે હાથ પાક હોવા જોઈએ. ઈસ્લામ હુકમ આપે છે કે ખોરાક ખાવાના પહેલાં વુઝૂ કરવામાં આવે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે માણસ ખોરાક ખાવાના પહેલાં વુઝૂ કરી લે તેની જિંદગી લાંબી થાય છે અને તેનું શરીર બીમારીથી સુરક્ષિત રહે છે.'**

**'ખોરાક પહેલાં વુઝૂ કરવું નાદારી અને નિર્ધનતાને રોકી રાખે છે અને ખોરાક(લીધા) પછી વુઝૂ કરવું જિન્નાતોને રોકે છે અને આંખોને સહી સલામત રાખે છે.'**

**શરીરની સ્વચ્છતા સંબંધી હુકમો :**

ઈસ્લામે શરીરની પાકીઝગીના વિષે પુષ્કળ

હુકમો આપ્યા છે અને જે બાબતો આ પવિત્ર હેતુને સિધ્ધ કરવાનું માધ્યમ બને તેની પ્રશંસા કરી છે.

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'હમામ(બાથરૂમ) એક સારી જગ્યા છે કેમકે તે માનવીને (એક તરફ તો) જહન્નમની યાદ અપાવે છે (અને બીજી તરફ) તેના શરીરમાંથી મેલ-કચરો સાફ કરી દે છે.'**

હમામ(બાથરૂમ)ના પાણીની સ્વચ્છતા સંબંધી ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જો કદાચ તારા માટે હમામના પાણીનો એક ઘૂંટડો પીવાનું શક્ય હોય તો પી લે.'**

અર્થાત હમામનું પાણી એટલું બધું સાફ અને સ્વચ્છ હોવું જોઈએ કે તે પીવા માટે યોગ્ય હોય. ઈસ્લામમાં ગુલખતમી(દવામાં વપરાતું વાદળી રંગનું એક ફૂલ)થી માથું ધોવું મુસ્તહબ છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે:

**'ગુલખતમીથી માથું ધોવાથી માણસને માથાના દુ:ખાવાથી રક્ષણ મળે છે અને નાદારી તેમજ નિર્ધનતાથી તે બચાવે છે અને માથામાં ખાંડો થતો રોકે છે.'**

ઈસ્લામ ધર્મ મૂછો અને બગલના વાળ કાપવાનો પણ હુકમ આપે છે જેથી માણસ ગંદકીથી સુરક્ષિત રહે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'કોઈ પણ માણસ મૂછોના વાળ ન વધારે કેમકે શયતાન ત્યાં શાંતિ ધારણ કરતો હોય છે અને સંતાઈ જાય છે.'**

**'તદઉપરાંત કોઈ પણ માણસ બગલના વાળ (પણ) ન વધારે કેમકે શયતાન ત્યાં શાંતિ ધારણ કરે છે.'**

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'બગલના વાળ કાપવાથી તેની દુર્ગંધનો નાશ થઈ જાય છે.'**

એ બાબત તો સ્પષ્ટ જ છે કે જો કદાચ નખ વધી જાય તો તેની નીચે મેલ-કચરો એકઠો થઈ જવાનો ખૂબ અવકાશ પેદા થઈ જાય છે. (ક્રમશઃ)


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

**Mo. 98258 81814**



**નજરઅલી યુનુસભાઈ પીચારજી**

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

# અરબી મૂળાક્ષરોનો પરિચય

**ت | તે**

બે નુક્તાવાળો **'તે'** ( ت )અરબી તખ્તીનો ત્રીજો મૂળાક્ષર છે જ્યારે ઉર્દૂ, ફારસીના મૂળાક્ષરોમાં ચોથા ક્રમે આવે છે. અબ્જદની દૃષ્ટિએ જોઈએ તો **'તે'**નું અંક મૂલ્ય અર્થાત અદદ ૪૦૦ થાય છે. જીભના ટેરવાને આગળના ઉપલા દાંત સાથે રાખીને **'ત'** બોલવાથી આ મૂળાક્ષરનો ઉચ્ચાર નીકળશે. દા.ત. તક્વા.

**ث | સે**

ત્રણ નુક્તા ધરાવતો **'સે'**(ث)અરબી તખ્તીનો ચોથો મૂળાક્ષર છે જ્યારે ઉર્દૂનો છઠ્ઠો અને ફારસીનો પાંચમા ક્રમે આવતો મૂળાક્ષર છે. ث ને **સાએ મુસલ્સા** પણ કહેવાય છે. અબ્જદની દૃષ્ટિએ ث નું મૂલ્ય(અદદ) ૫૦૦ થાય છે. જીભનો છેડો ઉપર લઈ જઈને નરમ અવાજ સાથે ગુજરાતી ભાષાનો **'સ'** બોલવાથી ث નો ઉચ્ચાર નીકળશે. દા.ત. સવાબ

**ج | જીમ**

એક નુક્તો ધરાવતો **'જીમ'**( ج ) અરબી તખ્તીનો પાંચમો મૂળાક્ષર છે જ્યારે ઉર્દૂનો સાતમો અને ફારસીનો છઠ્ઠો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબે જીમના અદદ ૩ (ત્રણ) ગણવામાં આવે છે. આ મૂળાક્ષરના પુર્લિંગ અને સ્ત્રીલિંગની બાબતમાં મતભેદ છે. આમ તો આ અક્ષર અરબીના કમરી હુરુફમાં શામેલ છે. જો આના પહેલાં 'અલ'(ال) આવશે તો **'લામ'**નો અવાજ નીકળશે જેમકે અલ જમલ. ج નો ઉચ્ચાર ગુજરાતી ભાષાના **'જ'** જેવો થાય છે.

**ح | હે**

નુક્તા વગરનો **'હે'** ( ح ) અરબી તખ્તીનો છઠ્ઠો મૂળાક્ષર છે જ્યારે ઉર્દૂનો નવમો અને ફારસીનો આઠમો મૂળાક્ષર છે. આને **હાએ હુત્તી, હાએ મહમ્લા** (નુક્તા વગરનો હર્ફ) અને હાએ ગૈર મન્કૂતા (અનુસ્વાર વગરનો અક્ષર) પણ કહે છે. એટલે કે જેનો ઉચ્ચાર જરા વધારે ભારે અવાજથી ગળાના ઊંડાણમાંથી કાઢવામાં આવે છે તેવો સખ્ત કંઠસ્થાનીય 'હ' એ કંઠવિવરમાંથી ઉચ્ચારાતો અઘોષ સંઘર્ષ (Voiceless glottal fricative) છે. ગળાના વચ્ચેના ભાગમાં ભરેલી જીભ સાથે **'હ'** બોલાય ત્યારે આ ઉચ્ચાર નીકળે છે. અબ્દજના હિસાબથી જીમના અદદ આઠ (૮) નક્કી થયેલ છે. આ કમરી હર્ફ છે અર્થાત એના પહેલાં 'અલ' ( ال ) આવશે તો **'લ'**નો અવાજ આવશે. દા.ત. અલ હકીમ

**خ | ખે**

એક નુક્તો ધરાવતો **'ખે'** ( خ ) અરબી તખ્તીનો સાતમો મૂળાક્ષર છે જ્યારે ઉર્દૂનો દસમો અને ફારસીનો નવમો મૂળાક્ષર છે. અબ્જદના હિસાબે **'ખે'**ના અદદ ૬૦૦ (છસો) નક્કી થયેલ છે. કંઠ્ય વર્ણ હોવાને કારણે **'ખે'**નો ઉચ્ચાર ગળામાંથી નીકળે છે અને તે ગળાના ઊંડાણમાંથી **'ખ'** બોલવાથી મળે છે. આ કમરી હર્ફ છે જેથી તેની આગળ 'અલ' ( ال ) લાગે તો **'લ'**નો ઉચ્ચાર થાય છે. જ્યોતિષશાસ્ત્રમાં આ હર્ફ મંગળ ગ્રહની અલામત (નિશાની) છે. *

**'અરબી મૂળાક્ષરોનો પરિચય'** વિભાગમાં મૌલા અલી(અ.)ના બે ચમત્કારિક ખુત્બાઓની વાત કરવામાં આવી હતી. (૧) અલિફના ઉપયોગ વગરનો ખુત્બો (૨) નુક્તાવાળા મૂળાક્ષરોના ઉપયોગ વગરનો ખુત્બો. વાચકોમાંથી મો.વલીમોહંમદ એચ. હાજીએ આ બન્ને ખુત્બાઓ અમારા ઉપર મોકલ્યા છે. આભાર. સ્થળ સંકોચને કારણે આ ખુત્બા 'જાફરી આવાઝ'માં અત્યારે મૂકી શકીએ તેમ નથી પરંતુ ઈન્ટરનેટ પર જેને આ ખુત્બા વાંચવા-જોવા હોય તો www.duas.org/miraclesermons.htm પર ક્લીક કરી શકે છે.

# દુઆનો આશય

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી
બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

પારો-૧૨, સૂરા-૧૧, આયત-૬

**'અને પૃથ્વી પર કોઈ એવું ચાલનાર પ્રાણી નથી કે જેની રોજી અલ્લાહના શિરે ન હોય અને એ જ અલ્લાહ તેના દુનિયામાં રહેવાનું સ્થાન તથા મરણ પછી તેને ભૂમિમાં સોંપવાનું સ્થાન જાણે છે. પ્રત્યક્ષ કિતાબ લૌહે મહેફૂઝમાં દરેક બાબતનું વર્ણન મોજુદ છે.'**

આ આયત પર ધ્યાન ગયા પછી આપણને દાગ દહેલ્વીનો આ શે'ર યાદ આવી જાય :-

**અય દાગ ! હમને હાથ દુઆસે ઉઠા લિયે,**
**તકદીરકા મિલેગા બગૈર ઈલ્તિઝા કિયે.**

આપણને મનમાં એમ થઈ જાય કે જ્યારે નસીબમાં છે તે મળવાનું છે તો પછી દુઆનું મહત્વ શું ?

પારા-૮, સૂરા-૭, આયત-૫૫માં અલ્લાહ ફરમાવે છે :

**'તમે તમારા પરવરદિગાર પાસે ગળગળા થઈને તથા છાનામાના દુઆ માગ્યા કરો; બેશક એ હદ વટાવી જનારાઓને દોસ્ત નથી રાખતો.'**

અહીં અલ્લાહ પોતે બંદાઓને દુઆ માગવા પર ભાર મૂકે છે કે જે દુઆ નથી માગતા તેમને અલ્લાહ દોસ્ત રાખતો નથી.

અલ્લાહ એમ બતાવવા માગે છે કે મેં જે તમારી તકદીરમાં લખી નાખ્યું છે તે આપવા પણ હું શક્તિમાન છું અને જે નસીબમાં નથી તે આપવા પણ શક્તિમાન છું. તમે મારાથી દુઆ માગો તો ખરા.

નસીબમાં જે છે તે આપણને મળતું જાય તો આપણું ધ્યાન અલ્લાહ તરફ દોરાતું નથી પરંતુ આપણે દુઆ માગીએ અને તે કબૂલ થઈ જાય તો તરત અલ્લાહ તરફ ધ્યાન જશે કે કોઈ છે કે જે આપણી દુઆ સાંભળે છે. દુઆ આપણને અલ્લાહના અસ્તિત્વનું ભાન કરાવે છે.

અલ્લાહ દુઆની રીત પણ બતાવે છે કે મારી પાસે ગળગળા થઈને તથા છાનામાના દુઆ માગો. અલ્લાહને ઘોંઘાટ પસંદ નથી. વળી બતાવવા માગે છે કે હું તમારાથી એટલો બધો નજીક છું કે તમારી છાનીમાની માગેલી દુઆ પણ સાંભળું છું તેથી આપણને હૂંફ રહે છે કે અલ્લાહ આપણાથી છેટો નથી.

પારા-૧૯, સૂરા-૨૫, આયત-૭૭

**'તમે કહી દો કે જો તમે દુઆ ન કરતા હોત તો મારો પરવરદિગાર તમારી કાંઈ પરવા ન કરતો.'**

આથી જાણવા મળ્યું કે દુઆ કરવાથી જ અલ્લાહ આપણી પરવા કરે છે. દુઆ કરતા રહેવાથી આ લાભ થાય છે ભલે કદાચ દુઆ કબૂલ ન થાય તો પણ અલ્લાહનું ધ્યાન આપણી તરફ આકર્ષી શકીએ છીએ. આપણને તે તેના મિત્રમાં ગણી લે છે.

પારા-૨૦, સૂરા-૨૭, આયત-૬૨

**'ભલા તે કોણ છે જે વ્યાકુળ થયેલા (હૃદયો) જ્યારે તેને પોકારે છે ત્યારે જવાબ આપે છે, દુઆ કબૂલ કરે છે અને તેના સંકટોનું નિવારણ કરે છે અને તેમને પૃથ્વીમાં વારસદાર બનાવે છે ? ભલા અલ્લાહની સાથે બીજો પણ કોઈ માઅબૂદ છે ? હરગિઝ નહીં, છતાં તમે તેની નેઅમતોનો કેટલો ઓછો વિચાર કરો છો !'**

દરેક કામની શરૂઆત **બિસ્મિલ્લાહિર**

**રહમાનિર રહીમ**થી કરવાનો હુકમ છે. તેનો અર્થ હું અલ્લાહના નામથી શરૂ કરું છું કે જે દયાળુ અને દયા કરનાર છે. દુનિયામાં આપણે જેને પણ જોઈએ છીએ તે દુઃખી દેખાય છે. દરેકના જીવનમાં કંઈકને કંઈક દુઃખ હોય છે. તો શું જે દુઃખ આપતો હોય તે પોતાને દયાળુ કહી શકે ખરો ? એક તો દુઃખ આપવું અને વળી પાછું પોતાને દયાળુ કહેવડાવવું, મારી કંઈ સમજમાં આવતું નથી. જીવનમાં દુઃખનું શું મહત્વ હશે ! તો સંત કબીર સમજાવે છે કે-

**દુઃખમેં સુમીરન સબ કરે, સુખમેં કરે ન કોઈ,**
**જો સુખમેં સુમીરન કરે તો દુઃખ કાહેકો હોઈ.**

ઉપરોક્ત આયતમાં પણ હૃદયને વ્યાકુળ બનાવવાની વાત એટલે કે જ્યારે માણસથી સહન ન થાય ત્યારે જ તે વ્યાકુળ બને અને જ્યારે વ્યાકુળ બનીને અલ્લાહને પોકારવામાં આવે છે ત્યારે દુઆ સાંભળે છે. અલ્લાહ દુઃખ એટલા માટે આપે છે કે આપણું ધ્યાન તેના તરફ રહે અને આપણે દુઆ માગતા રહીએ. દુઃખમાં અલ્લાહનો જેટલો અનુભવ થાય છે તેટલો સુખમાં નથી થતો. તો જ્યારે પણ બેચેની જેવી પરિસ્થિતિ પેદા થઈ જાય તો સમજી લેવાનું કે હવે દુઆ કબૂલ થવાનો સમય નજીક છે. જે બંદાને અલ્લાહ પસંદ કરે છે તેના જીવનમાં સંકટો વધારે નાખે છે કે જેથી તેનું ધ્યાન અલ્લાહ સિવાય બીજે ન ભટકી જાય અને એ પણ સાબિત થાય કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી.

પારા-૩, સૂરા-૩, આયત-૩૯

**'ઝકરીયાએ અરજ કરી કે હે મારા પરવરદિગાર ! મારે છોકરો ક્યાંથી થશે ? જ્યારે કે હું વૃધ્ધાવસ્થાએ પહોંચી ગયો છું અને મારી પત્ની વાંઝણી છે. ફરમાવ્યું કે અલ્લાહ એવી સ્થિતિમાં (પણ) જે ઈચ્છે, કરી દે છે.'**

હઝરત ઝકરીયાને દીકરાની બશારત મળી તો તેમણે પોતાને દીકરો ન થવાનાં કારણો દર્શાવ્યાં એટલે ડૉકટરી દૃષ્ટિએ તેમને ઓલાદ થાય એ શક્ય ન હતું.

પારા-૧૭, સૂરા-૨૧, આયત-૯૦

**'આથી અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી અને તેને યાહ્યા (જેવો સદાચારી પુત્ર) આપ્યો અને તેની પત્નીને ગર્ભધારણ કરવાને પાત્ર બનાવી દીધી. બેશક આ બધા નેક કાર્યો કરવામાં ઉતાવળ કરતા હતા અને આશા તથા ભય સાથે અમારી પાસે દુઆ માગ્યા કરતા હતા અને અમારી પાસે આજીજી કરતા હતા.'**

આ આયતમાં દુઆ કબૂલ થવાનું કારણ બતાવવામાં આવ્યું છે. હઝરત ઝકરીયા અને તેમની પત્નીમાં ત્રણ ગુણો હતા. નેક કાર્યમાં ઉતાવળ કરતાં હતાં, અને ફક્ત અલ્લાહથી આશા અને ભય સાથે દુઆ માગતાં હતાં અને આજીજીપૂર્વક અરજ કરતાં હતાં, તો અલ્લાહે તેમના માટે જે અશક્ય કાર્ય હતું તે શક્ય બનાવી દીધું. તો આપણે પણ આ ગુણોને આપણામાં કેળવીએ તો આપણા માટે પણ જે અશક્ય કાર્ય હશે તેને અલ્લાહ સરળ બનાવી દેશે.

પારા-૧૭, સૂરા-૨૧, આયત-૮૭-૮૮

**'અને ઝુન્નુન (યૂનુસ)ને યાદ કરો કે જ્યારે તે ક્રોધે ભરાઈને ચાલ્યો ગયો હતો અને તેણે ધારી લીધું હતું કે અમે તેના પર રોજી તંગ નહીં કરીએ પછી તે માછલીના પેટ માંહેના અંધકારમાં પોકારવા લાગ્યો કે હે અમારા પરવરદિગાર ! તારા સિવાય કોઈ માઅબૂદ નથી, તું પાક છે અને નિઃસંશય જુલમગારો માંહેનો તો હું જ છું. આથી અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી અને તેને તે મુસીબતમાંથી છુટકારો આપ્યો અને અમે મોમિનોને એવી જ રીતે છુટકારો આપ્યા કરીએ છીએ.'**

હઝરત યૂનુસ(અ.) બીજા પયગમ્બરોની સરખામણીમાં થોડા ગુસ્સાવાળા હતા. તેમણે

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૫**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

سَمِعۡنَا وَاَطَعۡنَا ۖ غُفۡرَانَكَ رَبَّنَا وَاِلَيۡكَ الۡمَصِيۡرُ ﴿٢٨٥﴾

**સમેઅ્ના વઅતઅ્ના ગુફરાનક રબ્બના વ એલૈકલ મસીર.**

(પારો-૩, સૂરએ બકરહ, આયત-૨૮૫)

અર્થ : અય અમારા પરવરદિગાર ! અમોએ (તારો ઈરશાદ) સાંભળ્યો તથા હુકમ માથે ચઢાવ્યો. પરવરદિગાર ! અમે તારી જ ક્ષમા ચાહીએ છીએ અને (અમારૂં) તારી તરફ જ પાછા ફરવાનું છે.)

પોતાની કોમને હિદાયત કરી પરંતુ તેમના ધારવા મુજબના સમયમાં ઈમાન ન લાવી એટલે નારાજ થઈ બદ્દુઆ આપીને તેમને મૂકીને જતા રહ્યા તો તેમને અલ્લાહે માછલીના પેટમાં નાખ્યા. તો યૂનુસ(અ.)એ અલ્લાહની શિકાયત ન કરી પરંતુ એમ કહ્યું કે તારી જાત તો પાક છે અને તારા સિવાય કોઈ માઅબૂદ નથી પરંતુ હું જ જુલમગાર છું. તો અલ્લાહે તેમની દુઆ કબૂલ કરી લીધી અને તેમને મુસીબતમાંથી છુટકારો આપ્યો.

આપણે પણ જો ચારેય બાજુથી મુસીબતમાં ફસાઈ જઈએ તો અલ્લાહની શિકાયત કરવી જોઈએ નહીં કે મારો શું વાંક છે ? શા માટે મને મુસીબતમાં નાખે છે ? પરંતુ એમ કહેવું જોઈએ કે હું જ એ માટે લાયક છું. તેમાં મારો વાંક નથી. તું તો પાક ઝાત છે, અજોડ છે. મને મુસીબતમાંથી છુટકારો આપ. તો આ દુઆ કબૂલ કરશે અને મુસીબતમાંથી છુટકારો થશે.

પારા-૨૩, સૂરા-૩૭, આયત-૧૪૩-૧૪૪

**'પણ જો યૂનુસ(અ.) કદાચ અલ્લાહની તસ્બીહ પઢનારા માંહેનો ન હોત તો જે દિવસે સઘળા (લોકોને) ઉઠાડવામાં આવશે તે દિવસ સુધી માછલીના પેટમાં રહ્યો હોત.'**

આ આયતથી જાણવા મળ્યું કે આપણે પણ દુરૂદ શરીફ, નાદે અલી, ઈસ્તિગફાર જેવા ઝિકર ચાલુ રાખવા જોઈએ કે જેથી મુસીબતમાં વધારે સમય સુધી સપડાયેલા ન રહીએ.

પારા-૨૪, સૂરા-૪૦, આયત-૬૦

**'અને તમારા પરવરદિગારે ફરમાવ્યું છે કે તમે મને જ પોકારો હું તમને જરૂર ઉત્તર આપીશ નિઃસંશય એ લોકો કે જેઓ મારી ઈબાદત કરવાથી અકડે છે તેઓ નજીકમાં જ ઝલીલ થઈ જહન્નમમાં દાખલ થશે.'**

પારા-૨, સૂરા-૨, આયત-૧૮૬

**'અને જો મારો બંદો તને મારા વિષે પૂછે તો કહે કે ખચીત જ હું તેની પાસે જ છું આજીજીથી પોકારનારા (દુઆ કરનારાઓ) જ્યારે પણ મને પોકારે છે ત્યારે હું (તરત જ) તેમને જવાબ આપું છું માટે તે લોકોને જોઈએ કે તેઓ પણ મારી આજ્ઞાઓ માને તથા મારા પર ઈમાન લાવે કે જેથી તેઓ સન્માર્ગને પામે.'**

ઉપરની બન્ને આયતોમાંથી આપણને જાણવા મળ્યું કે અલ્લાહ પોતાના બંદાનો પોકાર સાંભળવા આતુર છે. તો અલ્લાહને આપણે વારંવાર કહેવું જોઈએ અને લોકોને એક કે બે વાર કહેવું જોઈએ.

- અલ્લાહ એવો છે કે જેને વારંવાર કહેવાથી તે રાજી થાય છે.
- લોકો એવા છે કે જેમને એક કે બે વારથી વધારે કહીએ તો કંટાળી જાય છે.

અલ્લાહ ફરમાવે છે,

**વકુલુ લિન્નાસે હુસ્નંવ.** (લોકોથી સારી રીતે વાત કરો. હસતા મોઢે વાત કરો.)

જો આપણે આપણી તકલીફોની અને જરૂરિયાતોની વાતો લોકોને કરીશું તો તે તેમને પસંદ નહીં આવે. આપણી જરૂરિયાતો અને તકલીફોને

દૂર કરવાની દુઆ અલ્લાહ પાસે જ માગવી જોઈએ. લોકો સાથે તો ફક્ત હસીને વાતો કરવી જોઈએ.

અલ્લાહ દુઆનો હુકમ કરે છે. આપણે રહ્યા ગુનેગાર માણસો. અલ્લાહને ઓળખતા નથી. તેનો કહેવાનો હેતુ શું છે તે પણ આપણે જાણી શકીએ નહીં તેથી જ અલ્લાહે પોતાના નૂરમાંથી મોહંમદ વ આલે મોહંમદને પેદા કર્યા એટલે અલ્લાહ મોહંમદ વ આલે મોહંમદને ઓળખે અને મોહંમદ વ આલે મોહંમદ અલ્લાહને ઓળખે. તો આપણે પણ મોહંમદ વ આલે મોહંમદની દુઆઓ જેમકે **સહીફએ કામેલા**માંથી હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની દુઆઓ તેમજ બીજા ઈમામોની દુઆઓ છે તેને પઢીશું તો અલ્લાહથી કેવી રીતે દુઆ મંગાય તેની પધ્ધતિ આવડી જશે અને તેમના શબ્દોમાં જો આપણે દુઆ પઢીશું તો જરૂર અલ્લાહ ખુશ થશે તેમજ દુઆઓ કબૂલ પણ કરશે.

પારા-૧૮, સૂરા-૨૪, આયત-૧૨

**'હે રસૂલ(સ.) ! જે લોકો તમારાથી દરેક વાતમાં ઈજાઝત લે છે (તમને પૂછયા વગર કાંઈ કરતા નથી) તે જ લોકો દિલથી ખુદા અને તેના રસૂલ(સ.) પર ઈમાન લાવ્યા છે તો જ્યારે આ લોકો પોતાના કોઈ કાર્યમાં તમારાથી રજા માગે તો તમે એમનામાંથી જેને ઈચ્છો તેને રજા આપી દો અને ખુદાથી તેની બક્ષિસની દુઆ પણ કરો નિઃશંક ખુદા મહાન બક્ષવાવાળો, મહેરબાન છે.'**

પારા-૧૧, સૂરા-૯, આયત-૧૩

**'હે રસૂલ(સ.) ! તમે તેમના માલની ઝકાત લો અને તેમને ગુનાહોથી પવિત્ર કરી દો અને તેમના માટે દુઆએ ખૈર કરો કેમકે તમારી દુઆથી એ લોકોને શાંતિ મળે છે અને ખુદા તો (બધું જ) સાંભળે છે અને જાણે છે.'**

હમણાં સુધી તો આપણે જોયું કે અલ્લાહ દરેકને પોતાના માટે દુઆ માગવાનું કહે છે. હવે આ બન્ને આયતોમાં અલ્લાહ રસૂલ(સ.)ને ઈમાનદારો માટે દુઆ કરવાનું કહે છે. ઈમાનદાર એટલે કે પોતાના દરેક કાર્યમાં રસૂલથી રજા લેનારને ઈમાનદાર કહ્યા છે. અને બીજી આયતમાં પણ ઝકાત લઈને દુઆએ ખૈર કરવાનું કહ્યું છે. દુઆએ ખૈર એટલે ભલાઈની દુઆ કરવાનું કહે છે એટલે સાબિત થાય છે કે રસૂલ(સ.)ને મોમિનોના દરેક કાર્યમાં ઈજાઝત આપવાની અને દુઆએ ખૈર કરવાની અલ્લાહ તરફથી સત્તા મળી છે. બીજા શબ્દોમાં અલ્લાહ એની રાહ જુએ છે કે ક્યારે રસૂલ દુઆ આપે અને તેને કબૂલ કરી લઉં. રસૂલ(સ.) અલ્લાહના દીન માટે કાર્ય કરતા હતા. અલ્લાહે તેમને આ કાર્ય માટે પસંદ કર્યા હતા તેથી દુઆ આપવાનું કામ પણ સોંપી દીધું.

અલ્લાહની આ ટેવ દરેક જમાનામાં એક જ રહે છે, બદલાતી નથી. ઈમામોના જમાનામાં પણ તકલીફો વખતે દુઆ લેવા લોકો ઈમામો પાસે આવતા હતા જેનું દૃષ્ટાંત **'આસારે હૈદરી'**માં છે. બે બાપ-દીકરો ઈમામીયા મઝહબ પાળતા હતા તેમના પર તેમના વતન ઉસ્તરાબાદમાં ઝૈદીયા ફિરકાવાળા જુલ્મ કરતા હતા તો બન્ને બાપ પોતાના દીકરાઓને લઈને ઈમામ હસન અસ્કરી(અ.) પાસે દુઆ લેવા આવે છે અને તેમની તકલીફો દૂર થઈ જાય છે. પરિણામે હઝરત ઈમામ હસન અસ્કરી(અ.) તેમના દીકરાઓને કુરઆનનું શિક્ષણ આપે છે એ જ આસારે હૈદરી છે.

હું પણ મહેરબાવાથી લઈને મુજાહિદ બાવાના સમય સુધી જોતો આવ્યો છું કે તમારી મોમિન કોમમાંથી લોકો દુઆ લેવા નિયમિત આવે છે. કોઈ બીમારીની, કોઈ ધંધા રોજગારની. એમ દરેક જણ જુદા જુદા પ્રકારના કાર્ય માટે દુઆ લેવા તેમજ ઈજાઝત લેવા આવે છે. પીર તેમને દુઆઓ આપે છે. મને એમ પણ થતું હતું કે આ દુઆ લેવા આટલે દૂર દૂરથી શા માટે આવે છે? ઘેર બેસીને નમાઝ પઢીને દુઆ ન કરી શકાય ?

તો ઉપરની આયતો પર મનન કરતાં જાણવા મળે છે કે અલ્લાહ જે વસીલાથી પોતાના દીનને લોકો સુધી પહોંચાડે છે તેને જ દુઆ સાંભળવાનો વસીલો પણ બનાવ્યો છે એટલે કે અલ્લાહ પોતાના વસીલા દ્વારા દુઆઓ સાંભળે છે. માટે જ વલી અવલિયાઓની દરગાહોમાં જઈને દુઆ માગવામાં આવે છે કારણ કે તેઓ પણ ભારતમાં અલ્લાહના દીનને ફેલાવવા માટે કાર્ય કરતા હતા તો તેમના વસીલાથી અલ્લાહ દુઆ સાંભળે. માટે તેમનો વસીલો લઈને દુઆ માગવામાં આવે છે.

પારા-૧૦, સૂરા-૯, આયત-૮૦

**'હે રસૂલ ! તું તે (મુનાફિકો) માટે ક્ષમાની દુઆ માગ અથવા તેમના માટે ક્ષમાની દુઆ ન માગ (એ બધું સરખું જ છે) તું તેમના માટે સિત્તેર વખત પણ ક્ષમાની દુઆ માગીશ તો પણ અલ્લાહ તેને હરગિઝ હરગિઝ માફ નહીં કરે આ એ માટે કે તેમણે અલ્લાહ તથા તેના રસૂલનો ઈન્કાર કર્યો અને અલ્લાહ બદકાર લોકોની રાહબરી કરતો નથી.'**

આ આયતમાં રસૂલને જાહેરમાં માનનાર પરંતુ દિલથી ઈન્કાર કરનારા મુનાફિકોથી અલ્લાહ નારાજ છે અને પોતાના રસૂલને ફરમાવે છે કે તમે સિત્તેર વખત પણ તેમના માટે બક્ષિસની દુઆ માગશો તો પણ અલ્લાહ કબૂલ નહીં કરે. અલ્લાહે રસૂલ(સ.)ને બન્ને જહાનની રહેમત બનાવ્યા છે માટે અલ્લાહ કહે છે કે તમે મુનાફિકો પર દયા ખાઈને તેમના માટે દુઆ માગશો તો પણ હું કબૂલ નહીં કરું.

રસૂલ(સ.)ની હદીસ છે કે **અવ્વલોના મોહંમદ, ઔસતોના મોહંમદ, આખિરોના મોહંમદ વ કુલ્લોના મોહંમદ.** બાર ઈમામો વિષે રસૂલ(સ.) ફરમાવે છે કે બધા જ મોહંમદ જ છે. તેનો અર્થ એ થયો કે રસૂલ(સ.)ના જમાનાનો મુનાફિક હોય કે પછી ઈમામના જમાનાનો મુનાફિક હોય, અલ્લાહ કોઈ પણ મુનાફિક માટેની દુઆ, જો મોહંમદ વ આલે મોહંમદ પણ કરે તો પણ, કબૂલ કરશે નહીં. સાબિત થયું કે દુઆ કબૂલ થવા માટે મોહંમદ વ આલે મોહંમદ પર ઈમાન, મહોબ્બત જરૂરી છે.

એવી જ રીતે પીરના જમાનામાં જે મુરીદો મહોબ્બત સાથે અરજ કરશે તો તેમની દુઆ કબૂલ થશે અને જેઓ દિલમાં પીરથી કીનો રાખીને દુઆ કરશે તેની દુઆ રદ થશે. માટે પોતાના હૃદય પર હાથ રાખીને જોવું કે તેમાં મોહંમદ વ આલે મોહંમદ પ્રત્યે નફરત હોય તો કાઢી નાખવી અને મુરીદોમાંથી જેના દિલમાં પીર પ્રત્યે નફરત હોય તો કાઢી નાખવી. એમાં જ ભલાઈ છે. અને જો નફરત ન કાઢીએ તો ન તો મોહંમદ વ આલે મોહંમદને કોઈ નુકસાન છે કે ન તો પીરને કોઈ નુકસાન છે. *

2Dડ્રોઈંગ...3Dઈમેજ...2Dડ્રોઈંગ...3Dઈમેજ...

Manohar Designs

ઈન્ટીરીયર ડીઝાઈન વીથ કમ્પલીટ ડ્રોઈંગ્સ
સ્પેસ પ્લાનીંગ, પી.ઓ.પી. ડીઝાઈન,
ઈલેકટ્રીકલ, ફલોરીંગ ડીઝાઈન,
ફર્નિચર ડીઝાઈન, કલર સ્ટોરી

3D હાઉસ એલીવેશન
3D ઈન્ટીરીયર ડીઝાઈન
3D ફર્નિચર ડીઝાઈન
3D એનીમેશન

**નજરઅલી જી. આગલોડીયા**
**નુરમોહંમદ જી. આગલોડીયા**
**MOBILE : 090325 89547, 090305 81407**

# ગ ડ મ થ લ ૨૧૬

:::: સંપાદક ::::
મો.સાદિકઅલી રસુલભાઈ
ભોરણીયા (રસુલપુર-ખે.)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ■ | ■ | ૭ | | ■ | |
| | ■ | ૮ | | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ■ | ■ | ૧૨ | ૧૩ | | | | |
| ૧૪ | | ૧૫ | | ■ | | ■ | ■ | | ■ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ■ |
| | ■ | ■ | ૧૯ | ■ | ■ | ૨૦ | | ■ | ૨૧ |
| | ■ | ૨૨ | | ૨૩ | ■ | | ■ | ૨૪ | |
| ■ | ■ | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ■ | |
| ૨૭ | | | ■ | | ■ | ૨૮ | | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) મૈયતને ત્રણ ગુસલ આપ્યા પહેલાં અડવાથી વાજિબ થતું ગુસલ (૬)
(૪) હિંમત, તાકત (૩)
(૬) નિરાશા, નાઉમેદી (૨)
(૭) ચિરાગ, દિવો (૨)
(૮) અંધકાર, અંધારું (૩)
(૧૦) શરાબ કે શરબત પાનાર (૨)
(૧૨) શાંતિની જગ્યા, સુરક્ષિત સ્થળ (૬)
(૧૪) ઈસ્લામ સ્વીકાર પછી ઈસ્લામથી ફરી જનાર વ્યક્તિ (૪)
(૧૬) શહેર, નગર (૩)
(૧૭) રાત, રાત્રી (૨)
(૨૦) હઝરત જાફરે તૈયાર એ જંગમાં શહીદ થયા હતા(૨)
(૨૨) શરીર, કાયા (૩)
(૨૪) રસ્તો, પથ (૨)
(૨૫) સરદાર (૩)
(૨૭) વરસાદ માગવા માટે પઢવામાં આવતી નમાઝ(૩)
(૨૮) બાળકના જન્મ પછી આપવામાં આવતું ગુસલ(૪)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) પૂજ્ય, માન્ય, પ્રતિષ્ઠિત, કુરઆન શબ્દ પછી વપરાય છે. (૩)
(૨) જિંદગી, જીવન (૩)
(૩) મૌલા અલી(અ.)ના એક પ્રખ્યાત સહાબી (૩)
(૪) શુક્રવારનો દિવસ (૨)
(૫) મૈયતને કબરમાં દફન કર્યા પછી આપવામાં આવતો ઉપદેશ (૪)
(૭) ચહેરો, મોઢું (૩)
(૯) અવાજ, સાદ (૨)
(૧૦) સરંજામ (૩)
(૧૧) લોખંડનું બખ્તર (૩)
(૧૩) અલી અસગરની માતાનું નામ (૩)
(૧૪) અલ્લાહની જાતમાં અન્યને ભાગીદાર બનાવનાર (૪)
(૧૫) ભીંજાયેલું, ભીનું (૨
(૧૮) બક્ષિસ, ભેટ (૨)
(૧૯) આદર, સત્કાર, સન્માન (૩)
(૨૦) સ્વામી, આકા (૨)
(૨૧) હઝરત રસૂલે ખુદા(સ.)નું એક નામ (૪)
(૨૩) જન્નતનું એક નામ (૩)
(૨૬) અરબી તખ્તીનો ૨૬મો મૂળાક્ષર (૨)

## ગડમથલ નં.૨૧૫નો ઉકેલ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | યા | ૨ ત | ■ | ૩ દા | ય | ૪ મ | ■ | ૫ ખ | સા | રા |
| વ્વા | ■ | ર | ■ | રૂ | ■ | હે | ■ | બ | ■ | ■ |
| ■ | ■ | ફ | ■ | ૬ લ | હ | ર | ■ | ૭ ર | જી | ૮ મ |
| ૯ લૈ | ■ | દા | ■ | બ | ■ | બા | ■ | દા | ■ | દ |
| લ | ■ | ર | ■ | ૧૦ કા | રૂ | ન | ■ | ૧૧ ર | અ | દ |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ |
| ૧૨ સા | ■ | ૧૩ લ | ■ | ૧૪ બા | બુ | ૧૫ લ | ■ | ૧૬ સ | લા | ૧૭ ત |
| બિ | ■ | ડ | ■ | ■ | ■ | ગા | ■ | બ | ■ | ક |
| ૧૮ ર | ફી | ક | ■ | ૧૯ મ | કા | મ | ■ | ૨૦ ક | સ્તૂ | રી |
| ■ | ■ | પ | ■ | રી | ■ | ■ | ■ | ■ | ■ | બ |
| ૨૧ યૂં | ■ | ન | ■ | ૨૨ ઝ | રી | આ | ■ | ૨૩ ત | લ્કી | ન |

## હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૮**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.) પોતાની મુરાદો આગળ માગી રહ્યા છે. **જિસ ચીઝ સે મુઝે ખૌફ મહેસૂસ હો ઉસકે મુકાબલેમેં મેરી મદદ ફરમા.** જે વસ્તુ મને ડરાવે, તેની સામે મારી મદદ કર. **ઔર જિસ ચીઝસે બચના ચાહૂં ઉસસે બચા.** જે વસ્તુથી હું દૂર થવા માગું તેનાથી દૂર રાખ. **મેરે નફસ ઔર મેરે દીનમેં મેરી હિફાઝત કર.** મારા નફસના મામલામાં અને મારા દીનના મામલામાં મારી સુરક્ષા કર.

**સફરમેં મુઝે મહેફૂઝ રખ.** મારી મુસાફરીમાં મને સુરક્ષિત રાખ. **મેરે અહલમેં ઔર મેરે માલમેં મેરા અચ્છા જાનશીન બના દે.** મારા સગા સંબંધીઓને પણ મારા વારસદાર બનાવ અને મારા માલને, મારી દોલતને પણ મારો વારસદાર બનાવ. **ઔર જો રિઝક તૂને મુઝે દીયા હૈ ઉસમેં બરકત અતા કર.** જે રોજી તેં મને આપી છે, તેમાં બરકત આપ. **મુઝે મેરે નફસ કે તઈં જલીલ રખ.** હું પોતાની જાતને હંમેશાં તુચ્છ સમજતો રહું તેવું કર. હું કદીયે અહંકારમાં ન પડી જાઉં.

**ઔર લોગોંકી નિગાહોંમેં મુઝે અઝમત અતા ફરમા.** અને લોકો હંમેશાં મને મહાન સમજતા રહે તેવું રાખ. લોકોની નજરોમાં હું પડી ન જાઉં તેવું કરજે.

**ઔર જિન્નો ઈન્સ કે શરસે મુઝકો બચા લે.** જિન્નાત અને માણસોના શરથી મને બચાવી લે. **ઔર મેરે ગુનાહોંકી વજહસે મુઝકો ઝલીલ ન કરના.** મારા ગુનાહોના કારણે મને ઝલીલ એટલે કે બદનામ, લોકોની નજરમાં તુચ્છ ન થવા દેજે. **મુઝે મેરે બાતિની ખયાલાતકી બિના પર રૂસ્વા ઔર મેરે આમાલકી વજહ સે મુઝકો આઝમાઈશમેં મુબ્તેલા ન કરના.** મારા વિચારો સારા ન હોય તેના આધારે મને બદનામ થવા ન દેતો અને મારાં કાર્યો સારાં ન હોય તેના આધારે મને પરીક્ષામાં ન નાખી દેતો. **અપની નેઅમતેં મુઝસે ન છીનના.** તેં જે મને નેઅમતો આપેલી છે, તે પાછી છીનવી ન લેતો.

**ઔર અપને અલાવા મુઝકો દુસરોં પર ન છોડ દેના.** અને તારા સિવાય મને કોઈ બીજાના હાલ પર છોડી ન દેતો.

**ખુદાયા મુઝે કીસકે હવાલે કરેગા ?** જો તું મને નહીં સાંભળે તો બીજું કોણ સાંભળશે ? **વો કરીબી અઝીઝ કે જો કત્એ તઅલ્લુક કર લે ?** તે નજીકના સંબંધીના હવાલે કરીશ કે જે સંબંધ તોડવા માટે તૈયાર છે ? **યા વો દૂર કે રિશ્તેદારસે જો મુઝસે સખ્તી સે પેશ આયે ?** અથવા દૂરના સંબંધીના હવાલે મને કરીશ કે જે મારાથી સખ્તાઈથી વર્તે છે? **યા ઉન લોગોં કે જો મુઝકો કમઝોર બના દે ?** અથવા તો એવા લોકોના હવાલે કરી દેશે કે જે મારી મજબૂરીનો ફાયદો ઉઠાવીને મને કમજોર બનાવી દે ? **જબ કે તૂ હી મેરા રબ હૈ.** મારો રબ તો તું જ છે, મારો પાલનહાર તું છે. **ઔર મેરે અમ્રકા માલિક હૈ** અને દરેક મામલામાં મારો

માલિક તું છે.

**મૈં તુઝસે અપની ગુરબત, ઘર સે દૂરી ઔર ઉસકી નઝરમેં ઝિલ્લતો રૂસ્વાઈકી શિકાયત કરતા હૂં જિસકો તૂને મેરે અમ્રકા માલિક બનાયા હૈ.** હું તારાથી શિકાયત કરું છું, મારી ગરીબાઈની, હું ઘરથી દૂર છું તેની અને જે જેનું રાઝ મારા માથે છે તેની નજરમાં હું તુચ્છ છું તે વિશેની હું ફરિયાદ કરું છું.

**ખુદાયા ! મુઝ પર અપના કહર નાઝિલ ન કર.** યા અલ્લાહ ! તારો કહેર, તારો ગુસ્સો મારા ઉપર ના ઉતાર. **કયુંકિ અગર તૂ ગઝબનાક ન હો તો મુઝે કીસી કી પરવા નહીં.** એટલા માટે કે જો તારો ગુસ્સો મારા પર ન હોય તો પછી મને કોઈની પરવા છે જ નહીં. **તૂ પાકો મુનઝ્ઝા હૈ.** તું પાક છે અને સુબ્હાન છે. દરેક વસ્તુથી ઉપર છે. **તેરી આફિયત મેરે લીયે બહોત વસીઅ હૈ.** તારી આપેલી સલામતી મારા માટે ઘણી વિસ્તૃત છે, ચારે બાજુ ફેલાયેલી છે.

**અય પાલનેવાલે ! મૈં તૂઝસે તેરે ઉસ નૂરકા વાસ્તા દે કર સવાલ કરતા હૂં કે જિસસે ઝમીનો આસમાન રૌશન હુએ હૈ.** હું વાસ્તો આપું છું તને તારા એ નૂરનો કે જેના વડે જમીન અને આસમાન પ્રકાશમાન થઈ ગયા. **ઔર જિસકે ઝરીયે તારીકીયાં દૂર કી ગઈ હૈ.** અને જેના વડે અંધકારને દૂર કરવામાં આવ્યો છે. **ઔર અવ્વલીનો આખેરીન કે ઉમૂકી ઈસ્લાહ હુઈ હૈ.** અને પહેલાંના લોકો અને આજના લોકો જે નૂર વડે સુધારા તરફ જાય છે તે નૂરનો વાસ્તો આપું છું **કે મુઝ પર ગઝબનાક હોકર મુઝે મૌત ન દેના.** કે મારું મોત એવા સંજોગોમાં ન આવે કે તું ગુસ્સે હોય. **ઔર નહીં મુઝ પર અપની નારાઝગી ઢાના.** અને એ સમયે મારાથી નારાજ પણ ન થતો.

**અઝાબ સે પહેલે તૂ મેરી સરઝનિશ કર.** અઝાબ મને આપે એ પહેલાં તું મને ઠપકો આપ. **યહાં તક કે તૂ રાઝી હો જાયે.** અને ઠપકો આપવાથી તું મારી ભૂલ સુધરી જાય એટલે તું રાજી થઈ જાય. **સિવાય તેરે કોઈ ખુદા નહીં હૈ.** તારા સિવાય કોઈ ખુદા છે જ નહીં. **તૂ મોહતરમ શહર મક્કા, મશઅરૂલ હરામ ઔર બયતે અતીકકા પરવરદિગાર હૈ.** તું મક્કાનો પણ પરવરદિગાર છે કારણ કે હઝરત ઈમામ હુસૈન(અ.) અરફાતના મેદાનમાં આ દુઆ માગી રહ્યા છે એટલે જ્યાં છે, ત્યાંનો પણ રબ તું છે, એમ ફરમાવી રહ્યા છે, **તૂ મોહતરમ શહર મક્કા, મશહરૂલ હરામ ઔર બયતે અતીકકા પરવરદિગાર હૈ.** એટલે કે મક્કાનો પણ ખુદા તું છે, મશઅરૂલ હરામનો તું છે, **ઔર બયતે અતીક** જૂનું ઘર છે તે (ખાનએ કા'બા) તેનો પણ તું જ ખુદા છે. **જીસે તૂને બરકતસે મામૂર કર દીયા હૈ ઔર લોગો કે લીયે જાએ અમન કરાર દીયા હૈ.** આ બયતે અતીકને, આ ખાનએ કા'બાને તેં બરકતથી ભરી દીધું છે અને લોકો માટે શરણની જગ્યા નક્કી કરી દીધી છે.

**અય વો કે જિસને અપને હિલ્મસે બડે બડે ગુનાહોંકો માફ કીયા.** અય અલ્લાહ ! તેં તો તારા હિલ્મ, તારી હલીમીના લીધે, મોટા મોટા ગુનાઓને માફ કરી દીધા છે. **અય વો કે જિસને અપને ફઝલો કરમસે નેઅમતોંકો મુકમ્મલ કીયા.** તેં તારા ફઝલ અને કરમથી નેઅમતોને (બક્ષિસોને) સંપૂર્ણ કરી. **અય વો કે જિસને અપને કરમસે બેશુમાર અતા કીયા.** તારા કરમ વડે તેં બધાને ઘણું આપ્યું છે. **અય મેરી સખ્તીમેં મેરે મદદગાર !** મારા દુઃખમાં મારા મદદગાર ! **અય મેરી તન્હાઈમેં મેરે ગમખ્વાર.** અય મારા એકાંતમાં મારા મિત્ર ! **અય મેરી મુસીબતમેં મેરે ફરિયાદરસ.** અય મારી

**ઉન્નીસવીં કી શબ જો ફિર આઈ લિએ અલમ,**
**આશિક અલી કે સબ હો મનાઓ અલી કા ગમ,**
**ઈઝા અલી કી ખુર્દો કલાં કો પતા ચલે,**
**હક પર અલી થા સારે જહાં કો પતા ચલે.**
**હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

મુસીબતમાં મારી ફરિયાદને સાંભળનારા ! **અય મેરી નેઅમતોંકે માલિક !** મારી પાસે જે કાંઈ છે તેના માલિક !

**અય મેરે ખુદા ઔર મેરે આબાઓ તાહેરીન ઈબ્રાહીમ ઔર ઈસ્માઈલ વ ઈસ્હાક ઔર યાકૂબ કે ખુદા !** અય મારા ખુદા અને મારા વડવા ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબના ખુદા ! **ઔર અય જીબ્રઈલો મીકાઈલ ઔર ઈસરાફીલ કે પરવરદિગાર !** અને બધા ફરિશ્તાઓ જીબ્રઈલ, મીકાઈલ અને ઈસરાફીલનો પણ પરવરદિગાર તું છે.

**અય ખાતેમુન્નબીય્યીન હઝરત મોહંમદ(સ્વલ્લલાહો વ આલેહી વસલ્લમ) ઔર આપ કી મુન્તખબ આલે પાક કે પરવરદિગાર !** મોહંમદ વ આલે મોહંમદનો પરવરદિગાર પણ તું છે. **અય તૌરેતો ઈન્જિલો ઝબૂરો કુરઆનકે નાઝિલ કરનેવાલે !** આ આસમાની કિતાબોને નાઝિલ કરનારો પણ તું છે. **ઔર અય કાફ-હા-યા-ઐન-સ્વાદ, તાહા, યાસીન ઔર કુરઆને હકીમ કે નાઝિલ કરનેવાલે ! તૂ હી મેરા હામી હૈ.** મારો મદદગાર તું જ છે. **ઉસ વક્ત જબ ઝિંદગીકી રાહેં અપની વુસ્તઓંકે સાથ મુઝ પર તંગ હો જાએ.** એવા કપરા સમયે કે જ્યારે જીવનનો રસ્તો મારા ઉપર સંકોચાઈ જાય. **ઔર ઝમીન અપની પહનાઈઓંકે સાથ છોટી પડ જાય.** અને મને મુસીબતોથી દૂર જવાનો કોઈ રસ્તો પૃથ્વી આપે નહીં.

**અગર તેરી રહેમત ન હોતી તો મૈં હલાક હો જાનેવાલોંમેં હોતા.** તારી રહેમત એ સમયે મારી મદદ કરે છે અને તારી રહેમત ના હોત તો હું હલાક થઈ જવાનો હતો. **તૂ હી લગ્ઝિશસે દરગુઝર કરનેવાલા હૈ.** ભૂલ થઈ જાય છે તો માફ કરવાવાળો તું જ છે. **તૂને અગર મેરા પર્દા ન રખ્ખા હોતા તો મૈં રૂસ્વા હો જાનેવાલોંમેં હોતા.** જો તેં મારા ઐબ પર પડદો નાખી દીધો ન હોત તો હું બદનામ થઈ ગયો હોત. **તૂ મેરે દુશ્મનોં કે મુકાબલેમેં મેરા મદદગાર હૈ.** મારા દુશ્મનોની સામે મારો મદદગાર તું છે. **ઔર અગર તેરી મદદ મેરે શામિલે હાલ ન હોતી તો મૈં મગ્લૂબ હો જાનેવાલોંમેં હોતા.** અને તારી મદદ મને ન મળત તો દુશ્મનોની સામે હું હારી જવાનો હતો.

**અલ્લાહથી દુઆ માગીએ કે જીવનના દરેક કપરા સમયમાં અલ્લાહ આપણને તેની મદદ પહોંચાડી દે.** *

(ઈલોલ તલાવ, તા.૨૩-૧૦-૨૦૦૯, શુક્રવાર)


**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
*** જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.**

**● કલોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**

# સીધો માર્ગ : કુરઆન અને એહલેબયત

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*જેમ જેમ હું મારી જીવન સફરમાં આગળને આગળ ધપતો જાઉં છું તેમ તેમ મને જીવનના સાચા મર્મને માણવાની અને તેને સારી રીતે સમજવાની ઈચ્છા થાય છે. મને એવી જિંદગી જીવવાની ઈચ્છા છે કે જે સફળ હોય, અર્થસભર હોય. પરંતુ આ અંગેની મારામાં સમજશક્તિ છે ખરી? મારે કેવું સુંદર વર્તન કરવું જોઈએ તે બાબત હું જાણું છું એવો દાવો હું કરી શકું ખરો?*

*અલ્લાહ(સુ.વ.ત.)એ મને તેનો જવાબ આપી દીધો છે. તેણે મને એવી **કલામે પાક કુરઆન** આપી છે કે જો હું તેનું અનુસરણ કરું તો હું એવું જીવન જીવું કે જે અલ્લાહની ઈચ્છા મુજબનું હોય. પરંતુ વળી પાછો એક એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે કુરઆનમાં જે કંઈ સૂચવવામાં આવ્યું છે તેને સમજવાની મારામાં **બુધ્ધિ** અને **ઈલ્મ** છે ખરું? હું જે કંઈ **અર્થઘટન** કરું તે સાચું છે કે નથી તે બાબત હું કેવી રીતે જાણી શકું? મારી સમજશક્તિનું **પ્રમાણપત્ર** મને કોણ આપે?*

મગજમાં આવા વિચારો સાથે હું દરેક ઠેકાણે ગયો. હું ઘણા બધા વિદ્વાન માણસોને પણ મળ્યો. તેમની પાસે વળી તેમનાં પોતાનાં તારણો હતાં કે જે મારા મનનું સમાધાન કરવામાં નિષ્ફળ ગયાં.

આ વર્ષે ઉનાળાના વૅકેશનમાં થોડોક આનંદ પ્રમોદ મેળવવાના આશયથી અમે બધાએ જંગલી પશુ પક્ષીઓના સંરક્ષણ કેન્દ્રની મુલાકાતે જવાનો નિર્ણય કર્યો હતો. મને તો જરાય ખબર નહોતી કે આ ટચૂકડી મુસાફરી સાચા અર્થમાં મારી આંખો ઉઘાડનાર સાબિત થશે. અમારો વિચાર તો કુદરતના સાનિધ્યમાં થોડોક ઉમદા સમય પસાર કરવાનો હતો અને વળી તે પર્યટન બાળકો માટે મનોરંજક બને તેવો આશય પણ સમાયેલો હતો. આ મુલાકાત દરમિયાન અમે એક ગાઈડને રોક્યો હતો કે જે અમને તે વન સંરક્ષણ કેન્દ્રમાં બધે ફેરવે અને અમારા પર્યટનમાં અમને મદદરૂપ થાય. આ ગાઈડ આ વન સંરક્ષણ કેન્દ્ર સાથે ઘણાં વર્ષોથી સંકળાયેલો હતો અને આ સ્થળની **રજે રજ માહિતી** જાણતો હતો.

ગાઈડનો અનુભવ અને જ્ઞાન અમને બધાને વન્ય સૃષ્ટિની **દુર્લભમાં દુર્લભ** જાતોને અને જંગલી પ્રાણીઓને નિહાળવામાં ખપ લાગ્યો. વળી તેમાંની સારામાં સારી બાબત એ હતી કે જ્યારે પ્રાણીઓ અમારાથી લગભગ અડધો માઈલ દૂર ઝાડી ઝાંખરાંમાં સંતાયેલાં હોય તેમ છતાંય તે ગાઈડ **તેમની હાજરીની અનુભૂતિ કરી શકતો હતો.** આ જોઈને મને નવાઈ લાગી કેમકે **બન્ને આંખોથી જોવાના દૂરબીન** વડે તેમને જોવાનું મારા માટે અઘરું હતું જ્યારે પેલો તો પોતાની **નરી આંખે** મને તેનું માર્ગદર્શન આપી રહ્યો હતો. હું તો તેના જ્ઞાન અને ચતુરાઈથી પ્રભાવિત થઈ ગયો. તે માણસ આવું કરી શકતો હતો તેનું કારણ હતું તેની તે વિસ્તારની પૂરેપૂરી **સમજણ**. તે વન સંરક્ષણ કેન્દ્રનો **મૂળભૂત તજજ્ઞ** હતો. તેને જોઈને મને **સાચા માર્ગદર્શક**નું મહત્વ શું છે તેનું ભાન થયું.

મારા કોલેજકાળના અનુભવના તમને સહભાગી બનાવવાનું પણ મને ગમશે. હું ભૌતિકશાસ્ત્રનો વિદ્યાર્થી હતો અને મારા માટે **આવશ્યક પરિમાણવાળા ભૌતિકશાસ્ત્ર**

(Quantum Physics)ને સમજવું ખરેખર અઘરું હતું. આ વિષયનાં સંદર્ભ પુસ્તકો **અંગ્રેજી ભાષા**માં હતાં અને તે ભાષા ઉપર હું સારો એવો કાબૂ ધરાવું છું તેમ છતાં ય તે વિષયને હું સારી રીતે સમજી શક્યો ન હતો. મારી **અંગ્રેજી ભાષા**ની સમજણ તે પુસ્તકને સમજવા માટે પૂરતી ન હતી. તે વિષયને સમજવા માટે **માત્ર તે પુસ્તક** પર્યાપ્ત ન હતું. પછી તો તે વિષયના એવા **નિષ્ણાત** માણસની જરૂર ઊભી થઈ કે જે મને માર્ગદર્શન આપે. મને એક એવા પ્રૉફેસર મળી ગયા કે જે આ વિષયમાં મને મદદ કરવા માટે ઈચ્છુક હતા અને તેમના માર્ગદર્શન થકી મેં સ્નાતકની પદવી મેળવી. મારી મદદ કરવા માટે તેમની નિમણૂંક કરવા બદલ મેં **કોલેજ સત્તાવાળાઓનો** આભાર માન્યો.

→ ઉપરોક્ત (બન્ને) ઉદાહરણોમાંથી મને એક અગત્યનો પદાર્થ પાઠ (સબક) શીખવા એ મળ્યો કે **અરબી ભાષા** ઉપર સારો એવો કાબૂ ધરાવનાર માણસ પણ **કુરઆન**ને અનિવાર્યપણે સારી રીતે સમજી શકતો નથી. તે અરબી ભાષામાં ભલે પ્રવીણ હોય તેમ છતાં તેનામાં **ઈસ્લામી પ્રશિક્ષણના તત્વજ્ઞાનની** સમજણ **કદાચ ન** પણ હોઈ શકે.

હવે મારા માટે એક એવો **સાચો માર્ગદર્શક** મેળવવાની જરૂરિયાત ઊભી થઈ કે જે 'ઈસ્લામી પ્રશિક્ષણ'ના **વિષયનો નિષ્ણાત** હોય અને તે સર્વશક્તિમાન, **સર્વોચ્ચ સત્તાધારી** એવા અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા દ્વારા નિયુક્ત થયેલો હોય. મેં મરણીયા બનીને આવા એક સાચા માર્ગદર્શકને શોધવાનો પ્રારંભ કર્યો તો અલ્લાહે મારી દુઆઓનો નીચેની આયત દ્વારા જવાબ આપ્યો :

**'આ કિતાબ એવી છે કે જેમાં કોઈ પણ પ્રકારની શંકા નથી. તે ગુન્હાઓથી બચનારા <u>(મુત્તકી)</u> માટે સન્માર્ગદર્શક છે.'**

(સૂરએ બકર, આયત-૨)

અલ્લાહ ફરમાવે છે કે કુરઆન તમને ફક્ત ત્યારે જ માર્ગદર્શન આપશે કે જયારે તમે **'મુત્તકી'**મોમિન હો. કદાચ આપણે એવું વિચારીએ કે તેનો પણ કોઈ માપદંડ હોવો જ જોઈએ, એવા બનવાનું કોઈ પ્રમાણ હોવું જ જોઈએ. મારી કાયમી ઈચ્છા એવી હતી કે મારી હિદાયત થાય અને હું એવો દાવો કરું કે હું 'મુત્તકી મોમિન' છું પરંતુ મારા દાવા માટેની **કોઈ સાબિતી** તો હોવી જ જોઈએ ને?

મૌલા અલી(અ.)એ આ પ્રશ્નનો ઉત્તર આ મુજબ આપેલો છે :

**'અમે એહલેબયત સાથે 'મુત્તકી' મોમિન સિવાય કોઈ દોસ્તી નથી રાખતો અને બદબખ્ત મુનાફિકના સિવાય અમારી સાથે કોઈ દુશ્મની નથી રાખતો.'** (સંદર્ભ : ઝખાઈરુલ ઉકબા)

→ તેથી જો આપણને **એહલેબયતની સાથે મહોબ્બત** હોય તો આપણે **મુત્તકી મોમિન** છીએ અને જયારે આપણે મુત્તકી મોમિન બનીએ તો કુરઆન આપણો **માર્ગદર્શક** અને **રહેનુમા** છે. તેમના પ્રત્યનો પ્રેમ **મુત્તકી મોમિન** હોવાની સાબિતી અને માપદંડ છે.

અલ્લાહ(સુ.વ.ત.)એ વધુમાં રસૂલ(સ.)ને ફરમાવ્યું છે :

**'અને (અય રસૂલ !) કાફિર લોકો તો એવું કહે છે કે તું કોઈના તરફથી મોકલવામાં આવેલો નથી (પણ) તું તેમને કહે કે મારી અને તમારી વચ્ચે (મારી રિસાલતની) ગવાહી આપનાર (એક તો) અલ્લાહ પૂરતો છે <u>અને (બીજો) તે છે કે જેની પાસે આકાશી કિતાબ (કુરઆન)નું સંપૂર્ણ જ્ઞાન</u> છે.'**

(સૂરએ રઅદ, આયત-૪૩)

એ વ્યક્તિ કે જેણે કલામે પાકનું **ઈલ્મ** આપેલું છે તે નિઃશંકપણે મૌલા અલી છે.

(સંદર્ભ : તફસીરે સુયુતિ, ભાગ-૪, પેજ-

૬૯, એહતિયાજે તબ્રેસી, તફસીરે અયાશી)

વળી આપણે એ પણ જાણીએ છીએ કે રસૂલ(સ.)એ આવું ફરમાવ્યું છે :

**'હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે.'**

(સંદર્ભ : 'તારીખુલ ખુલફા' લેખક જલાલુદ્દીન સુયુતિ, મુસ્તદરક લેખક-અલ હકીમ, દુર્રે મન્સુર, ઈબ્ને હજરની સવાએકે મોહર્રકા, પેજ-૧૨૨, પેજ-૭૩ જૂની આવૃત્તિ)

→ અલ્લાહ(સુ.વ.ત.)એ તેમને **પોતાના ધર્મના 'નિષ્ણાત'** બનાવ્યા છે અને તેમને **'સંપૂર્ણ ઈલ્મ'** અર્પણ કર્યું છે તેથી જ તો જ્યારે આપણે તેમને ચાહીએ છીએ તો **તેમના ઈલ્મ** સુધી પહોંચવાનો અધિકાર મેળવીએ છીએ અને આપણે કુરઆનને સમજીએ છીએ અને આપણી **યોગ્ય રીતે હિદાયત** થાય છે.

હવે આપણે એ જોઈએ કે સર્વશક્તિમાન અલ્લાહની નજરમાં 'એહલેબયત' કેવું સ્થાન ધરાવે છે. નીચેની આયત આપણને આ બાબત સારી રીતે સમજવામાં મદદરૂપ થશે :

**'હે એહલેબયત (રસૂલ(સ.)ના ઘરવાળાઓ) ! સિવાય તેના કાંઈ જ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દૂર કરી દે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર કરી દે.'** (સૂરએ અહઝાબ, આયત-૩૩)

મોટા ભાગના તફસીરકારો આ બાબતે સર્વાનુમતે સહમત છે કે આ આયત એહલેબયતની **ધર્મનિષ્ઠા** અને **પવિત્રતા** પ્રદર્શિત કરવા માટે નાઝિલ થયેલી છે.

(સંદર્ભ : તફસીરે દુર્રે મન્સુર, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૫, પેજ-૧૯૮-૧૯૯)

આ **'આયતે તત્હીર'** તરીકે પણ ઓળખાય છે અને જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીએ રિવાયત કરેલ **હદીસે કિસાઅ** આ આયતની તફસીર છે કે જે એવું દર્શાવે છે કે તે પંજેતન(અ.)ની શાનમાં નાઝિલ થયેલ છે.

અલ્લાહ(સુ.વ.ત.)એ તેમની ધર્મનિષ્ઠાને ઘણા પ્રસંગોએ પ્રદર્શિત કરી છે.

✶ અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા રસૂલ(સ.)ને એવો હુકમ કરવામાં આવ્યો હતો કે અલી(અ.)ના અને ફાતેમા(અ.)ના ઘરના બારણાં સિવાય મસ્જિદે નબવીના સહન તરફ ખુલતાં ઘરોનાં બધાં બારણાં બંધ કરી દેવામાં આવે. તેમને કોઈ પણ સમયે અને કોઈ પણ પરિસ્થિતિમાં મસ્જિદમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં આવી હતી. તેઓ તેમાં પ્રવેશવા માટે હંમેશાં પાકો પાકીઝા હતાં. (સંદર્ભ : મેજર જારેટ્સ, સુયુતીનો ઈતિહાસ, પેજ-૧૭૫)

આપણે કુરઆનને સમજવાની બાબતમાં તેમની મહોબ્બતની અગત્યતાને સમજી લીધી. ચાલો હવે તેમની નમાઝમાં (અલ્લાહની) સન્મુખ ઊભા રહેવાની ક્રિયાને જોઈએ. મુસલમાન માટે નમાઝ મેઅરાજ છે. તે ઈબાદતનું સર્વોચ્ચ સ્વરૂપ છે કે જેને દરેક મુસલમાને દિવસમાં પાંચ વખત બજાવી લાવવી જોઈએ. નમાઝના પ્રારંભમાં સૂરએ ફાતિહા(સૂરએ હમ્દ)ની તિલાવત કરવાનો આદેશ આપવામાં આવેલ છે, જો આપણે તેની તિલાવત ન કરીએ તો આપણે નમાઝ બજાવી લાવી શકતા નથી.

આના પ્રકાશમાં ચાલો આપણે ઉપર દર્શાવેલ સૂરાની નીચેની આયત જોઈએ.

**'અમને સન્માર્ગ દેખાડ, એવા લોકોનો માર્ગ કે જેમને તેં નેઅમતોથી નવાજ્યા છે.'**

(સૂરએ ફાતિહા, આયત-૪-૫)

પ્રખ્યાત તફસીરકારોએ એવાં અવતરણો ટાંક્યાં છે કે ઉપરોક્ત આયત એહલેબયતે પસંદ

કરેલા માર્ગનો ઉલ્લેખ કરે છે. (સંદર્ભ : સઅલ્બી અબુ હુરૈરાની હદીસની તફસીરમાં લખે છે કે સીધો માર્ગ (સિરાતે મુસ્તકીમ) એટલે કે **મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.)નો રસ્તો** અને વળી આનું સમર્થન વાકી ઈબ્ને જર્રાહે પોતાની તફસીરમાં કર્યું છે.)

વળી મોહંમદ વ આલે મોહંમદ ઉપર **દુરૂદ** મોકલ્યા વગરની નમાઝ પણ અધુરી છે. અહીં મને ઈમામ શાફઈના પ્રખ્યાત શબ્દો ટાંકવા દો :

**'અય એહલેબયતે રસૂલ(સ.) ! કલામે પાક કુરઆનમાં તમારી સાથે મહોબ્બત કરવાની અમારા ઉપર ફરજ પાડવામાં આવી છે. આપને મળેલ મહાન મરતબાની બાબતમાં એટલું કહેવું પૂરતું છે કે જે કોઈ આપના ઉપર સલવાત ન મોકલે તેની નમાઝ બાતિલ છે.'**

(સંદર્ભ : ઈબ્ને હજરની સવાએકે મોહર્રકા, પેજ-૮૮, નબહાનીની 'શરાફુલ મોઅબ્બત' ઈમામ અબુ બકર શાહબુદ્દીનની રિશ્ફતુસ્સા'દી)

નમાઝ કે જે ઈબાદતનું ઉચ્ચતમ સ્વરૂપ છે તે સૂરએ ફાતિહા અને મોહંમદ વ આલે મોહંમદ(સ.) પર દુરૂદ વગર **અપૂર્ણ** છે. અલ્લાહ (સુ.વ.ત.) સાથે તેમને એટલી બધી નિકટતા છે કે **ખુદાનો ઝિકર(નમાઝ) એહલેબયતના ઝિકર(દુરૂદ) વગર અધુરો છે.**

એહલેબયત તરફની મહોબ્બત આપણને **મુત્તકી** બનાવે છે, આપણે **કુરઆન**ને સમજીએ છીએ અને આપણી **ઈબાદતો સર્વશક્તિમાન અલ્લાહ દ્વારા સ્વીકારપાત્ર બને છે.**

નીચેની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ દરેક મુસલમાનને તેમની સાથે મહોબ્બત કરવાનો આદેશ આપેલ છે :

**'(હે રસૂલ !) કહે કે હું તો આ(રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માગતો નથી, કિન્તુ મારા નિકટના સગાવહાલાઓનો પ્રેમ.'**

વિવિધ લેખકો, તફસીરકારો, સંપાદકો સર્વાનુમતે ઉપરોક્ત આયત પયગમ્બર(સ.)ની સાથે લોહીના સંબંધથી જોડાયેલ તેમના પોતાના સ્વજનોનો સંદર્ભ આપે છે **નહીં કે પયગમ્બરના અનુયાયીઓના સમૂહનો**. અહીં **'અલ કુર્બા'** શબ્દ **અલી(અ.)** અને **ફાતેમા(અ.)** અને **તેમની ઓલાદ**નો સંદર્ભ આપે છે. (સંદર્ભ : સઅલ્બી, સુયુતિ, બયદાવી, બુખારી, મુસ્લિમ એહમદ ઈબ્ને હમ્બલ, અલ્લામા ઝમખશરી, ભાગ-૨, પેજ-૬૮)

મુસ્લિમ જગતમાં થોડુંક મતમતાંતર છે કેમકે કેટલાક આલિમો એવું માને છે કે અહીં કરાબતદારો (અલ કુર્બા)નો અર્થ મુસલમાનોનાં સગાંવહાલાં થાય છે પરંતુ ઉપરોક્ત સંદર્ભો અને ખ્રિસ્તી વિદ્વાનોમાંના કેટલાક કે જેમણે કુરઆનનો અનવાદ કર્યો છે, તેઓ કહે છે કે પયગમ્બર(સ.)ના સગા સંબંધીઓની મહોબ્બત વિષે વાત કરવામાં આવી છે કે જેનો નિર્દેષ ઉપરોક્ત આયતમાં કરેલ છે. તેમાંના થોડાક અનુવાદોનો ઉલ્લેખ હું અહીં કરું છું :

✶ George Sale : 'Say, I ask not of you, for this my preaching, any reward, except the love of my relations.'

✶ J.M.Rodwell : 'Say, For this I ask no wage of you save the love of my kin.'

✶ E.H.Palmer : 'Say, I do not ask for it a hire-only the love of my kinsfolk.'

ઉપરોક્ત દલીલો દ્વારા આપણે સમજીએ છીએ કે એહલેબયતના પ્રેમ વગર **ન તો આપણે કુરઆનને સમજી શકીએ છીએ કે ન તો આપણી નમાઝ સંપૂર્ણ બને છે.** તેથી તો અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની સાથે મહોબ્બત કરવાનું આપણા ઉપર વાજિબ કરી દીધું છે.

અલ્લાહ(સુ.વ.ત.)એ ચોક્કસપણે પોતાની

અનંત કૃપા એહલેબયત ઉપર વરસાવી છે અને એહલેબયતની મહાનતા એવી છે કે અલ્લાહ(સુ.વ.ત.)એ તેમને **મુસ્લિમ જગત** ઉપર **પોતાના મુખ્તાર (સત્તાધારી)** બનાવ્યા છે.

આ બાબત આપણે આ આયતના પ્રકાશમાં સમજીશું.

**'અય ઈમાન લાવનારાઓ ! હુકમ માનો અલ્લાહનો અને તેના રસૂલ(સ.)નો <u>અને તમારામાંના સત્તાધારીઓનો પણ.</u>'**

(સૂરએ નિસા, આયત-૫૯)

ઉપરોક્ત આયત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીની રિવાયત અનુસાર **મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની સત્તા** સ્થાપિત કરવા માટે નાઝિલ થયેલી હતી. (સંદર્ભ : રૌઝતુલ અહબાબ, પેજ-૧૩૪ થી ૧૩૫, ભાગ-૨)

વધુમાં રસૂલ(સ.)એ ફરમાવ્યું છે :

**'હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ છોડીને જઈ રહ્યો છું. <u>આ બન્નેમાં દરેક બીજાથી વધીને છે;</u> અલ્લાહની <u>કિતાબ</u> અને <u>મારી ઈતરત,</u> તમે મારા પછી તેમની સાથે કેવું વર્તન કરો છો તે જોજો. આ બન્ને એકબીજાથી અલગ નહીં થાય એટલે સુધી કે હૌઝે કૌસર પર મારી મુલાકાત કરે.'**

(સંદર્ભ : સહીહ મુસ્લિમ, ભાગ-૭, કિતાબ ફઝાઈલ અલ સહાબા (મોહંમદ તરફની મકતબત વ મત્બા) અલી સુબાય્હ વ ઔલાદુહુ, કેરો) પેજ-૧૨૨-૧૨૩, મુસ્તદરક ભાગ-૩, પેજ-૧૦૭, અલ મુસ્લિમ, ભાગ-૧૫, પેજ-૧૮૦, મસ્નદ ભાગ-૪, પેજ-૩૬૭)

આને 'હદીસે સકલૈન' પણ કહેવાય છે કે જેમાં સકલૈનનો અર્થ ભારે અથવા વજનદાર વસ્તુઓ થાય છે. આ હદીસ રસૂલ(સ.)એ ચાર મુખ્ય પ્રસંગોએ ઉચ્ચારેલી છે જેવા કે અરફાતમાં (તિરમિઝી, ૫:૩૨૮) ગદીરે ખુમમાં (નિસાઈ, ૯૬-૯૭) મદીનામાં આવેલ પયગમ્બર(સ.)ની મસ્જિદમાં (ઈબ્ને અતીય્યાહ, ૧:૩૪) અને પયગમ્બર(સ.)ના હુજરામાં આપની છેલ્લી બીમારી દરમિયાન (ઈબ્ને હજર, પેજ-૬૯) આ બાબત પ્રદર્શિત કરે છે કે રસૂલ(સ.)ની નજરમાં આ સંદેશાનું કેટલું બધું મહત્વ છે.

આનાથી **મોહંમદ વ આલે મોહંમદ** દીનના **સત્તાધારી** તરીકે પ્રસ્થાપિત થાય છે તેથી જો કુરઆન **નૂર** છે તો મોહંમદ વ આલે મોહંમદ પણ **નૂર** છે. જો કુરઆન **ખામીરહિત** છે તો મોહંમદ વ આલે મોહંમદ પણ **મા'સૂમ** છે. જો કુરઆન **ઈલ્મ** છે તો મોહંમદ વ આલે મોહંમદ **આલિમ** છે. જો કુરઆન **પવિત્ર** છે તો મોહંમદ વ આલે મોહંમદ **પાકો પાકીઝા** અને સૌથી વધારે **નિર્મળ અણીશુધ્ધ** છે **અલ્લાહ(સુ.વ.ત.)ની કોઈ પણ મખ્લૂક તેમના જેટલી પાક કે મહાન નથી.**

કુરઆન **નિવેદન કરે છે**, એહલેબયત **અમલ કરે છે**. કુરઆન જેહાદ અને નમાઝનો ઉલ્લેખ કરે છે, કરબલામાં ઈમામ હુસૈન(અ.)એ **પ્રદર્શિત કર્યું** કે જેહાદમાં આપણે કેવું વર્તન કરવું જોઈએ અને નમાઝનું મહત્વ શું છે. કુરઆન **તવક્કલ** (વિશ્વાસ)નો ઉલ્લેખ કરે છે અને મૌલા અલી(અ.)એ **હિજરતની રાત્રે** દુશ્મનોની વચ્ચે રસૂલ(સ.)ની પથારી ઉપર સૂઈ રહીને તે બાબત પ્રદર્શિત કરી. કુરઆન **ઉપદેશ** અને **આદેશ આપે છે** જયારે એહલેબયત કુરઆનને અનુસરવા અને સમજવા માટેનાં આપણને જરૂરી હોય તેવાં **દ્દષ્ટાંતો** રજૂ કરે છે.

→ તેથી જો આપણે **એકલા એકાંતમાં** જ કુરઆનનું વાંચન કરીએ તો આપણે **મુત્તકી બની જતા નથી** અને એથી જ તો આપણે **કુરઆનને સમજવામાં નિષ્ફળ** જઈએ છીએ. વળી એહલેબયતની મહોબ્બત વગર આપણી **ઈબાદતોનો સ્વીકાર થતો નથી**. પરિણામ એ આવે છે કે આપણે સાચા રસ્તા સુધી પહોંચતા નથી અને આપણે

ગુમરાહ બનવાનું જોખમ ખેડીએ છીએ. પરંતુ જો આપણે તેમને અનુસરીએ તો આપણે કુરઆનને સમજીએ છીએ, આપણી ઈબાદતો કબૂલ થાય છે અને આપણે હંમેશાં **સીધા રસ્તા** ઉપર જ હોઈએ છીએ કે જે આપણને નજાત તરફ દોરી જાય છે. શું આપણે તેમની પાસેથી માત્ર આટલા જ બદલાની અપેક્ષા રાખીએ છીએ ? ના, જરા પણ નહીં. અલ્લાહ(સુ.વ.ત.)એ તેમને આપણા પેશવા બનાવ્યા છે અને જો આપણે તેમને ચાહીએ અને રસૂલ(સ.) એ આપણને જે કંઈ કહ્યું છે તેના ઉપર અમલ કરીએ તો અલ્લાહે આપણા માટે અઢળક નેઅમતો અનામત રાખી છે. રસૂલ(સ.)ના શબ્દો અનુસાર :

**'જે કોઈ આલે મોહંમદની મહોબ્બતમાં મરે છે તે શહીદના મોતે મરશે અને જુઓ, જે કોઈ આલે મોહંમદની મહોબ્બતમાં મરે છે તે એવી રીતે મરશે કે જેના બધા ગુનાહ માફ કરી દેવાયા હોય.'** આપ(સ.)એ વધુમાં ફરમાવ્યું છે કે **'અને જુઓ કે જે કોઈ આલે મોહંમદની મહોબ્બતમાં મરે છે, અલ્લાહ તેની કબરને રહેમતના ફરિશ્તાઓની ઝિયારતગાહ બનાવે છે.'** (સંદર્ભ : ઝમખશરીએ તેમની તફસીરમાં, ઈમામ સઅલ્બીએ તેમની તફસીરે કબીરમાં)

→ છેલ્લે, મને શરૂઆતના મારા બધા જ વિચારોના જવાબો મળી ગયા છે. હવે મેં **સાચો માર્ગ** (સિરાતે મુસ્તકીમ) પ્રાપ્ત કરી લીધો છે. હવે હું જાણતો થઈ ગયો છું કે મારે **કુરઆનને કેવી રીતે સમજવું** અને કોનું અનુસરણ કરવું. હું મારા માલિક સમક્ષ દુઆ માગું છું કે પરવરદિગાર ! તું મને સીધા માર્ગ પર બરકરાર રાખજે જેથી હું કુરઆનને સમજી શકું, મારી ઈબાદતોનો **તારા દરબારમાં સ્વીકાર** થાય અને મને નજાતની **સનદ** મળે અને આલે મોહંમદના સર્વથા સુયોગ્ય માર્ગદર્શનમાં હું સફળ થાઉં અને મારું જીવન અર્થસભર બને, આમીન.*

## General Knowledge Corner

107

**(૧) કાચના નિર્માણ વખતે કયો માલ 'કાચા માલ' તરીકે જાણીતો છે ?**
(A) રેતી, ગંધક, સોડા
(B) રેતી, સોડા, ક્વાર્ટ્ઝ
(C) રેતી, ગંધક, ક્વાર્ટ્ઝ
(D) ક્વાર્ટ્ઝ, સોડા, ગંધક

**(૨) ભારતે પોતાનો પ્રથમ અણુ વિસ્ફોટ ક્યારે કર્યો હતો ?**
(A) ૧૫ મે, ૧૯૭૨માં
(B) ૧૮ મે, ૧૯૭૪માં
(C) ૨૦ મે, ૧૯૭૫માં
(D) ૨૬ મે, ૧૯૭૬માં

**(3) બંગાળની ખાડીમાં આવેલ 'સબમરીન માટેની ખાડી' કયા નામે જાણીતી છે ?**
(A) નાઈન્ટી ઈસ્ટ ખાડી (B) મોજામ્બિક ખાડી
(C) કૌસાલિક ઘાટી (D) કાલ્સબર્ગ ઘાટી

**(૪) બ્રાઝિલ દેશમાં વિસ્તૃત 'કોફીનું રોપાન' કયા નામે ઓળખાય છે ?**
(A) એસ્ટેટ (B) ફાર્મ
(C) ફજેન્ડા (D) કોલખોજ

**(૫) નીચેનામાંથી કયા રાજ્યના કુલ ભૌગોલિક ક્ષેત્રમાં વન પ્રદેશ સૌથી વધારે છે ?**
(A) અરૂણાચલ પ્રદેશ (B) હિમાચલ પ્રદેશ
(C) સિક્કીમ (D) ઉત્તરાખંડ

**(૬) કયુ પક્ષી પોતાનો માળો ક્યારે ય પણ બનાવતું નથી ?**
(A) કોયલ (B) ચકલી
(C) કબૂતર (D) મોર

**(૭) નીચેનામાંથી કયા એક સ્થળે સૌથી મોટા પાયા ઉપર મત્સ્ય ઉદ્યોગ વિકસ્યો છે ?**
(A) ઉત્તરપૂર્વ એટલાન્ટિક
(B) દક્ષિણપૂર્વ પ્રશાન્ત મહાસાગર
(C) પશ્ચિમ આર્કટિક
(D) હિન્દ મહાસાગર

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ✻ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ✻

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

### તારાઓના પ્રકાશ ઉપર વાતચીત

(ગતાંકનું ચાલુ)

ઈ.સ.૧૯૬૦ પછી આકાશગંગાઓના આપણા સૂર્યમંડળથી થતા અંતર વિશે ફરીથી સંશોધન શરૂ થયું. ફરીથી ખબર પડી કે જે આકાશગંગા આપણી આકાશગંગા કરતાં નજીક છે અને ખગોળશાસ્ત્રીઓ જેમને સારી રીતે જોઈ શકે છે તેવી આકાશગંગાઓ આપણાથી દૂર થતી જાય છે. એટલે ખગોળશાસ્ત્રીઓને આ વિશે કોઈ શંકા નથી કે આપણી આકાશગંગાની આજુબાજુનો વિસ્તાર વધતો જાય છે. પરંતુ વૈજ્ઞાનિકો આ વાત નથી જાણતા કે અન્ય જગ્યા ઉપર આકાશગંગાઓ આવી જ રીતે એકબીજાથી દૂર થાય છે કે નહીં. વૈજ્ઞાનિકોની આ અજ્ઞાનતાનું કારણ બ્રહ્માંડનો વિસ્તાર અને આકાશી પદાર્થનું પૃથ્વી કરતાં દૂર હોવું તે છે.

આપણે અગાઉના પૃષ્ઠો ઉપર જોઈ ગયા કે કેટલાક આકાશી પદાર્થો કે જેમનું નામ ક્વેઝાર છે તે આપણા કરતાં નવ હજાર મિલીયન પ્રકાશવર્ષના અંતરે છે. જો આ ક્વેઝારમાંથી અચાનક એક ક્વેઝાર આજે નષ્ટ થઈ જાય તો આપણા ખગોળશાસ્ત્રીઓને નવ હજાર મિલીયન વર્ષ પછી તેના નષ્ટ થવાની જાણકારી પ્રાપ્ત થાય એટલે ખગોળશાસ્ત્રીઓ માટે એ જાણવું અશક્ય છે કે દૂર સુદૂરના આકાશી પદાર્થો આપણા કરતાં દૂર થતા જાય છે કે નજીક આવે છે. સંશોધન જે વાતને પુરવાર કરે છે તે એ છે કે એવી આકાશગંગાઓ કે જે આપણી આકાશગંગા કરતાં નજીક છે અને ખગોળશાસ્ત્રીઓ જેમને સારી રીતે જોઈ શકે છે તે આજુબાજુ ફેલાતી જઈ રહી છે માટે બ્રહ્માંડના સંકુચિત અને વિસ્તૃત થવા વિશે ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણનું સત્ય પુરવાર થઈ જાય છે અને એટલા જ માટે તો નજીકની બધી આકાશગંગાઓ દૂર થતી જાય છે અને આપણી આકાશગંગા પણ દૂર થતી જાય છે. આ વિશે અમને ખબર નથી કે આ દૂર થવાની પ્રક્રિયા ક્યાર શરૂ થઈ.

ઈમામ જાફર સાદિક(અ.)એ સાડા બારસો વર્ષ પહેલાં કહ્યું કે દુનિયાઓ પણ વિસ્તૃત થાય છે અને સંકુચિત થાય છે. જે દુનિયામાં આપણે છીએ તેનું વિસ્તૃત થવું ઈમામ જાફર સાદિક(અ.)ના જમાનામાં જ નહીં, પરંતુ આપના ય પહેલાં હજારો વર્ષથી શરૂ થઈ ચૂક્યું હતું. આપણને આ હજારો અથવા લાખો વર્ષના ફેરફાર ઉપર આશ્ચર્ય થવું જોઈએ નહીં કારણ કે આપણા કરતાં ય નજીક આવેલી આકાશગંગાઓ વચ્ચે એટલું બધું અંતર છે કે આપણે ગણતરી કરી શકીએ નહીં. એ આકાશગંગાઓ હજારો વર્ષ પહેલાં દૂર થવા લાગી કે પછી લાખો વર્ષ પહેલાં ? બ્રહ્માંડના આ ભાગમાં આકાશગંગાઓના દૂર થવાના માપદંડ તરીકે આપણી પાસે એ વધતું જતું અંતર છે કે જે લેમેટ્રના તારણથી લઈને આજ સુધી પૃથ્વી અને નજીકની આકાશગંગાઓની વચ્ચે વધતું આવ્યું છે.

ખગોળશાસ્ત્રીઓ પાસે બ્રહ્માંડના બધા

વિસ્તારોની જાણકારી નથી. તેઓ જાણતા નથી કે અન્ય આકાશગંગાઓ પણ એકબીજા કરતાં દૂર જઈ રહી છે કે પછી ફક્ત આપણા કરતાં નજીકની આકાશગંગાઓમાં જ આવું થઈ રહ્યું છે. પરંતુ એવા તારાઓનું અસ્તિત્વ કે જેમનું નામ કુતુલે છે અને જેમનું વર્ણન અગાઉના પૃષ્ઠો ઉપર થઈ ચૂક્યું છે, તેવા તારાઓનું સંકુચિત થવું ખગોળશાસ્ત્રીઓ ઉપર સાબિત થયેલી વાત છે. ખગોળશાસ્ત્રીઓએ જોયું છે કે કેટલાક તારા એટલા બધા સંકુચિત થઈ જાય છે કે જેની કલ્પના ય કરી શકાય નહીં જેમકે આકાશગંગાઓના સંકુચિત થવા અને વિસ્તૃત થવા વિશે ખગોળશાસ્ત્રીઓ કંઈ જ જાણતા નથી, એવી જ રીતે તેઓ એ વાત પણ જાણતા નથી કે કુતુલે તારાઓ કયા સમયમાં કેટલી હદે સંકુચિત થયા છે.

અનુમાન તો એવું છે કે જેમ બ્રહ્માંડનું સંકુચિત થવું અને વિસ્તૃત થવું એક તબક્કાવાર પ્રક્રિયા છે એવી જ રીતે આ તારાઓનું સંકુચિત થવું પણ તબક્કાવાર પ્રક્રિયા છે તથા કુતુલે તારાઓ પણ કોઈ નાના સુના સમયગાળામાં અસ્તિત્વમાં આવ્યા નથી. પરંતુ તેમના એટમમાંથી ઈલેકટ્રોનના નીકળવામાં અને એટમના ન્યુક્લીયસને આપસમાં જોડાવામાં એક લાંબો સમયગાળો લાગ્યો છે. આ આધારે આ બે બાબતો ધ્યાનમાં લઈને -- કે બ્રહ્માંડના એક ભાગમાં આકાશી પદાર્થો વિસ્તૃત થઈ રહ્યા છે અને બીજા ભાગમાં સંકુચિત થઈ રહ્યા છે અથવા તો એ કે તેમના સંકુચિત થવાનો સમય પૂરો થઈ ચૂક્યો છે અને તે આપણી પૃથ્વીની જેમ પોતાનું જીવન ચલાવી રહ્યા છે, જો કે આવું હોવું એક અશક્ય બાબત જણાય છે -- એમ કહી શકાય કે પદાર્થનું અસલ મૃત્યુ કુતુલે તારામાં થાય છે કારણ કે આ તારાઓમાં પદાર્થ સંપૂર્ણરીતે સ્થિર થઈ જાય છે. દેખીતી રીતે પદાર્થનો છેલ્લો તબક્કો એ છે કે તે કુતુલેનું સ્વરૂપ ધારણ કરી લે અને તેના ઈલેકટ્રોન ખતમ થઈ જાય અને ફક્ત એટમના ન્યુક્લીયસ બાકી રહે કે જે એકબીજા સાથે જોડાયેલા હોય. આવી રીતે એક એવી ઘનતા અસ્તિત્વમાં આવે કે જે પૃથ્વી ઉપર જોવામાં આવતા સૌથી વધુ ઘનતા ધરાવતા પદાર્થ કરતાં કેટલાંય ખર્વ ગણી વધારે ઘનતા ધરાવે.

સંક્ષેપમાં એ કે હાલના જમાનામાં ખગોળશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર ઈમામ જાફર સાદિક(અ.)ના દુનિયાઓના વિસ્તૃત થવા અને સંકુચિત થવા વિશેના દૃષ્ટિકોણને સમર્થન આપે છે. ઈસવી સનની અઢારમી સદી સુધી યુરોપવાળા ભારતના બધા લોકોના ધાર્મિક, દાર્શનિક અકીદાઓ જાણતા ન હતા અને ફક્ત ભારતના મુસલમાનોના અકીદાઓથી વાકેફ હતા.

ઈસવી સનની અઢારમી તથા ઓગણીસમી સદીમાં યુરોપના કેટલાક વિદ્વાનોએ ભારતના પ્રાચીન દાર્શનિક તથા ધાર્મિક પુસ્તકોનો અનુવાદ યુરોપની ભાષાઓમાં કર્યો. આવી રીતે યુરોપવાળા ભારતના પ્રાચીન ધાર્મિક તથા દાર્શનિક અકીદાઓથી વાકેફ થયા. તેમણે જાણ્યું કે ભારતના પ્રાચીન અકીદાઓમાંથી એક અકીદો એ પણ છે કે દુનિયામાં જાગૃતતાનો અને હર્ષોલ્લાસનો તબક્કો પણ છે અને આળસનો સમય પણ છે કે જે ધીમે ધીમે ગતિહીનતામાં પરિણમે છે અને છેવટે ચીરનિદ્રામાં પરિવર્તિત થઈ જાય છે.

દુનિયાની જાગૃતતાના જમાનામાં એટલી હદે વિસ્તાર થશે કે દુનિયાની શરૂઆત અને અંત વિશે પણ આપણે વિચારી શકીશું નહીં. આ સમયે જુદા જુદા પ્રકારનાં અગણિત વૃક્ષો તથા પ્રાણી અસ્તિત્વમાં આવશે. આ દુનિયાના વિસ્તારની શરૂઆત લાખો વર્ષ પહેલાં થઈ ચૂકી છે અને જુદા જુદા પ્રકારના પદાર્થો, વૃક્ષો તથા પ્રાણીઓ હમણાં સુધી અસ્તિત્વમાં આવી ચૂક્યાં છે. તે બધાં એક મુદ્દત પછી કે જેનો સમય નક્કી કરી શકાતો નથી, ત્યારે આ દુનિયા સંકુચિત થવી અને વિસ્તૃત થવી બંધ થઈ જશે અને ત્યાર પછી દુનિયામાં જુદા જુદા

પ્રકારના પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓ અસ્તિત્વમાં આવશે નહીં. હાલના પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓ પણ તબક્કાવાર નાશ પામતાં જશે. દુનિયાનો વિસ્તાર થતો અટકી જશે અને દુનિયા પોતાને સંકુચિત કરી લેશે અને તે પોતાના કેન્દ્ર તરફ વળશે. પોતાને સંકુચિત કરવામાં અને કેન્દ્ર તરફ જવામાં પણ તેને લાખો વર્ષનો સમય લાગશે અને આ તબક્કો પણ એટલા લાંબા સમયગાળાનો છે કે અમે તેને નિર્ધારિત કરવા વિશે વિચારી પણ શકતા નથી.

એક એવો જમાનો આવશે કે દુનિયા ગતિહીન થઈને પોતાની અંદર જ સમાઈ જશે એવી રીતે કે કોઈ પણ પ્રકારના પદાર્થો, વૃક્ષો કે પ્રાણીઓનું નામોનિશાન બાકી નહીં રહે. આ તબક્કાને દુનિયાના ડૂબવાનો અથવા ચીરનિદ્રાનો બીજો તબક્કો ગણવામાં આવે છે. કોઈ જાણતું નથી કે દુનિયા કેટલા સમયગાળા સુધી આ અવસ્થામાં રહેશે. કદાચ આ મુદત કરોડો વર્ષ સુધી ચાલે અને તેના પછી દુનિયાને એક ઝાટકો લાગે અને દુનિયા તેની નિદ્રામાંથી જાગૃત થઈ જાય અને ફરીથી વિસ્તાર પામે અને નવા પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓ અસ્તિત્વમાં આવે અને દુનિયાના વિસ્તારમાં દિન પ્રતિદિન વધારો થતો જાય. દુનિયાની જાગૃતતાના આ નવા તબક્કા દરમિયાન એવા પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓ અસ્તિત્વમાં આવશે કે જે પહેલાં અસ્તિત્વમાં આવ્યાં નહીં હોય.

વળી આ એવી કુદરતી બાબત છે કે જે માણસ આ નવા તબક્કામાં અસ્તિત્વમાં આવશે તે પહેલાંના માણસ કરતાં જુદો જ હશે એટલે કે તેના કરતાં ઉત્તમ હશે કારણ કે દુનિયા જ્યારે જાગૃત થશે અને તેનામાં વિસ્તાર થશે તો તે પોતાની બધી વસ્તુઓને અસ્તિત્વમાં લાવશે કે જે પહેલાં કરતાં વધારે વિકસીત હશે કારણ કે પ્રાચીન ભારતના આ અકીદા પ્રમાણે જો દુનિયા વિકસીત વસ્તુઓને અસ્તિત્વમાં લાવશે તો તે અધોગતિ અને દુર્ગતિનું કારણ બનશે અને નાશ પામી ગયા પછી ફરીથી નિદ્રામાંથી બહાર આવશે નહીં.

આના આધારે જે તબક્કામાં દુનિયા નિદ્રાવસ્થામાંથી જાગૃત થશે અને માણસ સહિત જે કંઈ તેની અંદર પેદા થશે તે પહેલાં કરતાં વધારે વિકસીત હશે. આ અકીદા પ્રમાણે માણસની તકદીરની એક વિશેષ પરિસ્થિતિ હતી. પ્રાચીન ભારતના અકીદા પ્રમાણે માણસ દુનિયાની નિદ્રાવસ્થા દરમિયાન પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓના કરતાં વિપરીત રીતે નાશ પામતો નથી પરંતુ મૃત્યુ પછી માણસની રૂહ અન્ય તબક્કા પાર કરે છે અને છેવટે મોક્ષના તબક્કા સુધી પહોંચે છે અને દુનિયાની જાગૃતતાના બીજા તબક્કામાં પહેલાં કરતાં વધારે ઉત્તમ માણસો અસ્તિત્વમાં આવે છે કે જે મૃત્યુ પછી પોતાની રૂહ વડે બાકી રહી જાય છે અને તેની રૂહ કેટલાક તબક્કાઓ પાર કરીને જન્નતમાં અન્ય રૂહોથી મળી જાય છે.

પ્રાચીન ભારતના અકીદા પ્રમાણે માણસની રૂહ દુનિયાની નિદ્રાવસ્થા અને જાગૃતતાના કાયદાને આધીન નથી અને જ્યારે નિદ્રાવસ્થા દરમિયાન સઘળા પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓ મૃત્યુ પામે છે તો માણસની રૂહ બાકી રહી જાય છે. દુનિયાની નિદ્રાવસ્થાના સમયે દરેક વસ્તુ નાશ પામે છે પરંતુ માત્ર માણસની રૂહ સ્વર્ગમાં બાકી રહી જાય છે.

શું પ્રાચીન ભારતના આ અકીદાને લોકોના સ્વપ્રેમનું પરિણામ માની શકાય કે નહીં ? દેખીતી રીતે આ અકીદો સ્વપ્રેમનું પરિણામ છે પરંતુ જો વધારે ધ્યાન આપવામાં આવે તો જાણી શકાય છે કે જે લોકો આવું માનતા હતા તેઓ રૂહને પદાર્થો, વૃક્ષો અને પ્રાણીઓ કરતાં વિપરીત એક એવી વસ્તુ માનતા હતા કે જેને મૃત્યુ આવતું જ નથી કારણ કે રૂહ કોઈ ભૌતિક વસ્તુ નથી કે જે મૃત્યુ પામે અને આ જ કારણે મૃત્યુ પછી માણસ ભૌતિક દુનિયા કરતાં વધારે ઉત્તમ દુનિયામાં રહે છે. (ક્રમશઃ)

# મોઢા અને ગળાનું કેન્સર

આપણા દેશમાં તથા રાજ્યમાં મોઢા તથા ગળાના કેન્સરનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. સામાન્ય રીતે પુરૂષોમાં જોવા મળતાં કુલ કેન્સરનાં ત્રીજા ભાગનાં કેન્સર મોઢાનાં અને ગળાનાં કેન્સર હોય છે. ભારતમાં મોઢા અને ગળાના ભાગોનું કેન્સર પુરૂષોમાં ૨૫% થી ૩૦% અને સ્ત્રીઓમાં ૧૭% થી ૨૦% હોય છે. અમદાવાદમાં તેનું પ્રમાણ પુરૂષોમાં ૩૦% અને સ્ત્રીઓમાં ૧૦% છે.

મોં અને ગળાના કેન્સરમાં હોઠ, જીભ, તાળવું, ગળુ, ગાલનો અંદરનો ભાગ અને લાળગ્રંથિઓનો સમાવેશ થાય છે. મોં અને ગળાનાં કેન્સર થવાનું મુખ્ય કારણ આપણી પ્રજામાં ખાસ કરીને યુવાવર્ગમાં બીડી, સિગારેટ, ચૂનો, તમાકુ, પાન-મસાલાનો વ્યાપક બનતો જતો વપરાશ છે. આ ઉપરાંત દાંત અને મોઢાની સામાન્ય સાર સંભાળ અને સ્વચ્છતાનો અભાવ છે.

આમ મોં, નાક, ગળાના કેન્સર માટે સૌથી જોખમી પરિબળ હોય તો તે તમાકુ, બીડી, પાન-મસાલા જ છે. સ્વાદમાં ખૂબ સારા જણાતા આ પદાર્થોમાં કેવાં હાનિકારક તત્વો રહેલાં છે તેની જાણ વ્યસનીઓને હોતી નથી. માત્ર સ્વાદ અને લિજ્જત ખાતર તેઓ કુટેવને વળગી રહેલાં હોય છે. તો સૌ પ્રથમ તેમાં રહેલા હાનિકારક તત્વો વિષે દરેકે જાણવું જરૂરી છે.

**ધુમ્રપાન :**

* ઘણા વિકસેલા દેશો સિગારેટનું પુષ્કળ ઉત્પાદન કરે છે. પરંતુ ઘર આંગણે, ધુમ્રપાન વિરોધી ઝુંબેશને કારણે તેનો પૂરો નિકાલ કરી શકતા નથી. તેથી ભારત જેવા દેશોમાં જ્યાં ખાસ કોઈ ધુમ્રપાન વિરોધી ઝુંબેશ ચાલતી નથી ત્યાં ધુમ્રપાનનો બહોળો પ્રચાર કરીને તેનું ધૂમ વેચાણ કરાય છે. ધુમ્રપાનનો પ્રકાર ગમે તે હોય પણ તેમાં વપરાતો પદાર્થ તમાકુ છે તે અનેક જગ્યાએ જુદી જુદી રીતે નુકસાન કરે છે.
* **તમાકુ :** માનવ સ્વાસ્થ્યને હાનિ કરે તેવાં ૪૦૦૦ જેટલાં રાસાયણિક તત્વો તમાકુમાંથી શોધી કાઢવામાં આવ્યાં છે.
* જેમાં નિકોટીન, તમાકુ ટાર અને કાર્બન મોનોક્સાઈડ મુખ્ય છે.

૧. **નિકોટીન :** નિકોટીન એક નશીલો પદાર્થ છે તે હૃદયના ધબકારા વધારે છે. રક્તનલિકાઓને સાંકડી કરે છે. બ્લડ પ્રેશર વધારે છે.

૨. **તમાકુ ટાર :** આ પદાર્થ ફેફસામાં જમા થાય છે. એ ખૂબ જ હાનિકારક પદાર્થ છે અને એના કારણે જ ફેફસાંનું કેન્સર થાય છે.

૩. **કાર્બન મોનોક્સાઈડ :** આ ઝેરી ગેસ લોહીની ઓક્સિજન લઈ જવાની ક્ષમતા પર ઘટાડો લાવે છે.

* શ્વાસ, હૃદય રોગ ઉપરાંત ફેફસાં, હોઠ, જીભ, મોં, ગળું, સ્વરપેટી જેવા અંગોના કેન્સરનો રોગ તમાકુના સેવનથી થાય છે.
* તમાકુના સેવનથી આ બધા અંગોની સપાટી ઉપર આવેલા કોષોને નુકસાન થાય છે અને આ કોષોમાં વિકૃતી આવે છે. આ વિકૃત કોષો ઉત્પન્ન કરે છે. આમ, કેન્સરની શરૂઆત થાય છે.
* શિક્ષિત કરતાં અશિક્ષિત લોકોમાં આ સેવન વધુ હોય છે. ઉપરાંત ગંભીર સમસ્યા તરીકે યુવાનો અને તરૂણોમાં આનું પ્રમાણ વધુ રહ્યું છે.
* આમ તમાકુની આદત દિનપ્રતિદિન વધતાં લોકો કેન્સરને આવકારે છે. (ક્રમશઃ)

*- મોમિન મેડીકલ સહાય યોજના*

*નિષ્ણાત ડોકટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે*



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૧૯૨) બીજાઓનો હક :**

હે આદમના પુત્ર ! જો તેં તારી આજીવિકાથી વધારે કમાવ્યું છે તો જાણે એ માલમાં તું બીજાનો ખજાનચી છે.

**(૧૯૩) ખુશદિલી અને બદદિલી :**

દિલો માટે આસક્તિ અને ઈચ્છા, આગળ વધવું અને પાછળ રહી જવું બધું ય છે એટલે જ્યારે મન લાગેલું હોય અને ધ્યાન હોય ત્યારે એવે સમયે તેનો લાભ ઉપાડી લો કેમકે દિલને મજબૂર કરીને કામ લેવામાં આવે તો તે આંધળું થઈ જાય છે.

**(૧૯૪) ક્રોધ અને વેર :**

મને ગુસ્સો આવી જાય તો શાતા કેવી રીતે મેળવું ? વેરથી લાચાર થઈ જઈશ તો કહેવામાં આવશે કે ધીરજ ધરો. અને જો વેરની તાકાત મેળવી લઈશ તો કહેવામાં આવશે કાશ માફ કરી દેતે. (આવી પરિસ્થિતિમાં ગુસ્સાનો કોઈ ફાયદો નથી)

**(૧૯૫) દુનિયાનો અંજામ અને તેની લજ્જતોનું પરિણામ :**

એક કચરા કૂંડી પાસેથી પસાર થતાં ફરમાવ્યું: 'આ એ જ વસ્તુ છે જેને માટે લોભીઓએ લોભ કર્યો હતો.' અથવા બીજી રિવાયત મુજબ 'જેના વિશે કાલ એક બીજાની ઈર્ષા કરી રહ્યા હતા.' (આ દુનિયાનો અંત અને દુનિયાની લજ્જતોનો અંત)

**(૧૯૬) ઈબ્રતનું મૂલ્યાંકન :**

જે માલ નસીહતનો સામાન મેળવી દે તે બરબાદ નથી ગયો.

**(૧૯૭) દિલની ભગ્નતા :**

આ દિલ એવી જ રીતે કંટાળી જાય છે જેવી રીતે શરીર, એટલા માટે તેના માટે સુક્ષ્મ બુધ્ધિપ્રદ વાતોનો પ્રબંધ કરો.

**(૧૯૮) ખારજીઓનો નારો :**

જ્યારે આપે ખારજીઓનો આ નારો સાંભળ્યો કે ખુદા સિવાય કોઈના માટે હુકમ નથી. તો ફરમાવ્યું કે આ કથન સાચું છે, પરંતુ તેનાથી ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે.

**(૧૯૯) અવામ :**

બજારના લોકોની ભીડ વિશે ફરમાવ્યું કે, આ જ એ લોકો છે જે ભેગા થઈ જાય છે, તો છવાઈ જાય છે અને વિખરાઈ જાય છે તો ઓળખાતા જ નથી.

અને અમુક લોકોનું કહેવું છે કે હઝરતે એમ ફરમાવ્યું હતું કે જ્યારે એકત્ર થઈ જાય છે તો નુકસાનદાયક હોય છે અને જ્યારે વિખરાઈ જાય છે ત્યારે જ લાભદાયક હોય છે. તો લોકોએ કહ્યુંકે એકત્ર થવામાં નુકસાન તો સમજમાં આવી ગયું, પણ વિસર્જનમાં ફાયદાનો શું અર્થ ? તો ફરમાવ્યું કે બધા વેપારીઓ પોતાના ધંધા તરફ પાછા ફરે છે અને લોકો તેઓથી લાભ ઉપાડી લે છે જેવી રીતે મિસ્ત્રી પોતાની ઈમારત તરફ ચાલ્યો જાય છે. વણકર કારખાના તરફ જાય છે અને રોટી પકાવવાવાળો તંદૂર પર બેસી જાય છે.

**(૨૦૦) તમાશાઈ :**

આપની પાસે એક ગુનેહગારને લાવવામાં આવ્યો, જેની સાથે તમાશાઈઓનું ટોળુ હતું. તો ફરમાવ્યું કે એ ચહેરાઓ પર ફિટકાર છે જેઓ માત્ર

બૂરાઈ અને રૂસ્વાઈના પ્રસંગે જોવા મળે છે.

**(૨૦૧) અંગરક્ષક ફરિશ્તા :**

દરેક ઈન્સાનની સાથે બે રક્ષક ફરિશ્તાઓ રહે છે પણ જયારે મોતનો સમય આવી જાય છે તો બન્ને સાથ છોડી ચાલ્યા જાય છે, જાણે કે મોત જ શ્રેષ્ઠ ઢાલ છે.

**(૨૦૨) તલ્હા અને ઝુબેરનો જવાબ :**

જ્યારે તલ્હા અને ઝુબેરે તકાદો કર્યો કે અમે બયઅત કરી શકીએ છીએ પરંતુ અમને કામમાં ભાગ આપવો પડશે. તો ફરમાવ્યું કે હરગીઝ નહીં. તમે માત્ર કુવ્વત પહોંચાડવા અને સહકાર આપવામાં ભાગ લઈ શકો છો અને લાચારી તથા સખ્તીના સમયે મદદગાર બની શકો છો.

**(૨૦૩) મોતની પકડ :**

લોકો, એ ખુદાથી ડરો જે તમારી દરેક વાતને સાંભળે છે અને દિલના દરેક ભેદથી જાણકાર છે અને મોત તરફ આગળ વધો, જેનાથી ભાગવા માગો તો તે તમને આંબી લેશે અને રોકાઈ જશો તો પકડી પાડશે અને તમે તેને ભૂલી પણ જશો તો તે તમને યાદ રાખશે.

**(૨૦૪) નેઅમતોનો ઈન્કાર :**

ખબરદાર ! કોઈ આભાર ન માનનારાની કૃતઘ્નતા તમને ભલાઈના કામ કરવાથી રોકી ન લે. બની શકે છે કે તમારો આભાર માની લે જેણે આ નેઅમતથી કોઈ ફાયદો પણ નથી ઉપાડ્યો. અને જેટલા પ્રમાણમાં કૃતઘ્નીએ તમારો હક બરબાદ કર્યો છે આ આભાર વ્યક્ત કરનારના આભારથી સરભર થઈ જાય અને આમ પણ અલ્લાહ સદકાર્યો કરનારાઓને દોસ્ત રાખે છે.

**(૨૦૫) ઈલ્મનું પાત્ર :**

દરેક વાસણ તેના સામાન માટે અધુરું હોઈ શકે છે પણ ઈલ્મનું વાસણ ઈલ્મના પ્રમાણમાં વિશાળ બનતું જાય છે.

**(૨૦૬) સહિષ્ણુતા અને સહનશીલતા :**

સબ્ર કરવાવાળાને તેની સહન શક્તિનો પહેલો બદલો એ મળે છે કે લોકો જાહિલની સરખામણીમાં તેના મદદગાર થઈ જાય છે.

**(૨૦૭) સહનશીલતાનું પ્રદર્શન :**

જો તમે ખરેખર સહનશીલ નથી તો પણ સહનશીલતાનો દેખાવ કરો કેમકે ઘણું ઓછું એવું હોય છે કે કોઈ કોઈ કોમની નકલ કરે અને તેમનામાં ન ભળી જાય.

**(૨૦૮) આત્માનું અવલોકન :**

જે પોતાના નફસની પૃચ્છા કરતો રહે છે એ લાભમાં રહે છે. અને જે ગાફિલ થઈ જાય છે એ ખોટમાં રહે છે. ખુદાનો ડર રાખનારો અઝાબથી રક્ષિત રહે છે અને બોધ ગ્રહણ કરનારો સમજદાર હોય છે, સમજદાર જ ડાહ્યો હોય છે અને ડાહ્યો જ આલિમ થઈ જાય છે.

**(૨૦૯) મઝલૂમો પર એહસાન :**

આ દુનિયા મોં મારી દેખાડવા પછી એક દિવસ અમારી તરફ હર હાલતમાં નમશે જેવી રીતે કરડવાવાળી ઊંટડીને પોતાનાં બચ્ચાં પર રહેમ આવે છે. ત્યાર પછી આપે આ આયતની તિલાવત કરી : 'અમે ચાહીએ છીએ કે એ લોકો પર એહસાન કરીએ કે જેમને જમીન પર કમજોર બનાવી દેવામાં આવ્યા છે. અને તેમને આગેવાન બનાવીએ અને જમીનના ધણી બનાવી દઈએ.'

**(૨૧૦) આખેરતની મંઝિલ :**

અલ્લાહથી ડરો એ શખ્સની જેમ કે જેણે દુનિયા ત્યજીને પાલવ સંકેલી લીધો અને પાલવ સંકેલી કોશિષમાં પડી ગયો હોય. સારપ માટે તકના સમયમાં તેજીની સાથે ચાલી નીકળ્યો હોય અને ખતરાને ધ્યાનમાં લઈ ચાલ વધારી દીધી હોય અને પોતાના આરામ ઘર, પોતાના આમાલનું પરિણામ અને પોતાના અંત પર દૃષ્ટિ રાખી હોય. ✻

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૩ — સૂરએ મુનાફેકૂન**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અય ઈમાન લાવનારાઓ ! (ખબરદાર !) તમને અલ્લાહની યાદથી ન તો તમારી સંપત્તિ ગાફિલ કરવા પામે કે ન તો તમારી સંતતિ અને જે એવું કરશે તેઓ જ હાનિ ભોગવનારા છે. (૯)**

**અને અમોએ તમને જે આપ્યું છે તેમાંથી કાંઈક (અમારી રાહમાં) ખર્ચ કરો એ પહેલાં કે તમારામાંથી કોઈનું મોત આવી પહોંચે, પછી તે કહેવા લાગે કે અય મારા રબ ! તેં મને બીજી થોડીક મોહલત કેમ ન આપી કે જેથી હું દાનધર્મ કરત અને હું નેક બંદાઓમાંનો થઈ જાત ? (૧૦)**

**અને અલ્લાહ કોઈ જીવને જ્યારે કે તેનું મોત આવી લાગશે હરગીઝ મોહલત નહીં આપે અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે. (૧૧)**

અય ઈમાન લાવનારાઓ ! તમને અલ્લાહની યાદથી તમારો માલ અને ઓલાદ ગાફિલ ન કરી દે અલ્લાહની નેઅમતોનો શુક્ર કરવો ન છોડો, નમાઝને ન છોડો, બલાઓમાં સબ્ર કરો અને જે કાંઈ બનાવો બને તેના ઉપર રાજી રહો.

કુદરત કહે છે કે અમોએ તમને રોઝી આપી છે, તમને મોત આવે તે પહેલાં તેમાંથી ખર્ચ કરો એટલે વાજિબ હક્કો તેમાંથી અદા કરો અને ખુમ્સ, ઝકાત, હજ વગેરે ફરજને અદા કરતા રહો, એવું ન બને કે આખરી વખતે એમ કહેવામાં આવે કે અય મારા પરવરદિગાર ! તેં મને બીજી થોડી મોહલત કેમ ન આપી, હું દાનધર્મ કરત અને તારા મોમિન બંદાઓમાંનો થઈ જાત.

મોતનો સમય ટળી શકતો નથી, જ્યારે કોઈ ઈન્સાનની અજલ આવે છે ત્યારે ખુદા તેને હરગીઝ ઢીલ આપતો નથી. તમારા દરેક કાર્યથી અલ્લાહ સારી રીતે જાણકાર છે. મોત ક્યારે આવશે તેની કોઈ પણ ઈન્સાનને ખબર નથી. માટે દરેક ઈન્સાને હંમેશાં મોતના માટે તૈયાર રહેવું જોઈએ. *

**સૂરા નં.૬૪ — સૂરએ તગાબોન**

કુલ ૧૮ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**જે કાંઈ આસમાનોમાં છે અને જે કાંઈ જમીનોમાં છે તે અલ્લાહ(ના નામ)ની તસ્બીહ કરે છે, હુકૂમત તેની જ છે, અને દરેક પ્રકારના વખાણ તેના જ માટે છે, અને એ જ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. (૧)**

**તે એ જ છે કે જેણે તમને પેદા કર્યા, પછી તમારામાંથી કોઈ તો નાસ્તિક છે અને તમારામાંથી કોઈ મોમિન છે, અને તમે જે કાંઈ કરો છો તે અલ્લાહ જુએ છે. (૨)**

**તેણે આકાશો તથા પૃથ્વીને સત્ય હેતુપૂર્વક સર્જ્યાં છે, અને તેણે જ તમારી આકૃતિઓ બનાવી, પછી તમારી આકૃતિઓ (બનાવી તે) સુંદર બનાવી છે. અને છેવટનું ફરવું પણ તેની જ તરફ થશે. (૩)**

**જે કાંઈ આકાશોમાં છે તેને તે સારી રીતે જાણે છે, અને જે કાંઈ જમીનમાં છે તેને પણ; અને તમે જે કાંઈ સંતાડો છો તેને જાણે છે, અને તમે જે કાંઈ જાહેર કરો છો તેને પણ અને અલ્લાહ મનની વાતોથી પણ ખૂબ વાકેફ છે. (૪)**

**શું તમારી પાસે તે લોકોની હકીકત નથી પહોંચી કે જેમણે અગાઉ નાસ્તિકપણું કર્યું હતું ? જેથી તેમણે પોતાની કરણીનાં માઠાં પરિણામની (દુનિયામાં) મજા ચાખી અને (વળી) આખેરતમાં તેમના માટે દુઃખદાયક અઝાબ પણ છે. (૫)**

જે કંઈ આસમાનો અને જમીનમાં છે તે ખુદાની તસ્બીહ કરે છે અને તેની જ હુકૂમત છે તથા દરેક વખાણ તેના જ માટે છે અને દરેક વસ્તુ પર તે સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

અલ્લાહે બધાનું સર્જન કર્યું છે. તેણે તમને

આઝાદીની સાથે પેદા કર્યા છે. પાછળથી કોઈ કાફર થાય તો પોતાની મરજીથી અને મુસલમાન થાય તો પોતાના ઈખ્તિયારથી. કેટલાકોએ પોતાની સાચી ફિતરત ઉપર કાયમ રહી ઈમાનને કબૂલ કર્યું અને કેટલાકોએ સાચી ફિતરતથી હટીને ખાલિકનો ઈન્કાર કર્યો.

તેણે આસમાનો અને જમીનને સત્ય હેતુપૂર્વક સર્જ્યાં છે અને તેણે તમારી આકૃતિઓ સુંદર બનાવી અને દરેકનું તેના તરફ જ પાછું ફરવાનું છે.

જે કંઈ જમીન અને આસમાનોમાં છે તેને તે સારી રીતે જાણે છે અને જે કંઈ તમે છૂપાવો છો તથા જાહેર કરો છો તેને પણ તે જાણે છે અને અલ્લાહ દિલની વાતોથી પણ જાણકાર છે.

અય મક્કાના કાફરો ! શું તમારી પાસે પહેલાંના કુફ્ફારોની ખબર આવી નથી જેમકે આદ, સમુદ અને લુત(અ.)ની કોમની ? તેમને દુનિયામાં પણ અઝાબ મળ્યો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **આ એ કારણે કે તેમના રસૂલ તેમની પાસે ખુલ્લી દલીલો લઈને આવતા હતા પણ તેઓ કહેતા હતા કે શું (અમારા જેવા) માણસો અમને હિદાયત કરશે ? જેથી તેઓ ઈમાન ન લાવ્યા અને મોઢું ફેરવી દીધું, અને અલ્લાહે પણ તેમની દરકાર કરી નહીં, અને અલ્લાહ બેપરવાહ(અને) વખાણને પાત્ર છે. (૬)**

**જે લોકો નાસ્તિક છે તેઓ એવું ગુમાન કરે છે કે તેઓ હરગીઝ ઉઠાડવામાં નહીં આવે, (અય રસૂલ!) તું કહે કે અલબત્ત, મારા પરવરદિગારની કસમ! તમે અવશ્ય ઉઠાડવામાં આવશો, પછી તમે જે કાંઈ કરી ચૂક્યા છો તેનાથી તમને જરૂર વાકેફ કરવામાં આવશે, અને આ વાત અલ્લાહ માટે તદ્દન સહેલી છે. (૭)**

**માટે અલ્લાહ પર તથા તેના રસૂલ પર તથા તે નૂર (કુરઆન) પર કે જેને અમોએ ઉતાર્યું છે, ઈમાન લાવો અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે માહિતગાર છે. (૮)**

**ભેગાં કરવાના દિવસે તે તમને ભેગાં કરશે, એ જ તો હાર-જીતનો દિવસ હશે, અને જે અલ્લાહ પર ઈમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તે (અલ્લાહ) પણ તેની બદીઓ તેનાથી ટાળી દેશે, અને તેને જન્નતોમાં દાખલ કરશે (કે) જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં સદાના રહેનારા થશે. એ જ મહાન સફળતા છે. (૯)**

**અને જે લોકો ઈમાન નથી લાવતા અને અમારી આયતોને જૂઠલાવે છે તેઓ જહન્નમી છે. તેમાં તેઓ સદાના રહેનારા થશે, અને એ જ સૌથી ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે. (૧૦)**

તેઓ પાસે પયગમ્બરો ખુલ્લી દલીલો લઈને આવ્યા હતા, પણ તેમણે કહ્યું, આ તો અમારા જેવા ઈન્સાન છે અને તેમણે તકબ્બુર કરીને કહ્યું કે શું અમો અમારા જેવા ઈન્સાનનું અનુસરણ કરીએ ? અને તેઓ ઈમાન ન લાવ્યા અને તેમનાથી મોઢું ફેરવી લીધું અને અલ્લાહે પણ તેમની પરવા કરી નહીં.

એ કાફરો એવું ગુમાન કરતા હતા કે તેમને સજીવન કરીને હરગીઝ ઉઠાડવામાં આવશે નહીં. અય મોહંમદ(સ.) ! કહે તેમને કે મારા પરવરદિગારની કસમ ! કયામતના દિવસે સજીવન કરીને ઉઠાડવામાં આવશે અને દુનિયામાં તમો જે કંઈ કરી ચૂક્યા છો તેનાથી જાણકાર કરવામાં આવશે.

તમો ખુદા અને તેના રસૂલ અને એ નૂર (કુરઆન) કે જે અમોએ નાઝિલ કર્યું છે તેના ઉપર ઈમાન લાવો, એહલેબયત(અ.)ની રિવાયત પ્રમાણે નૂરથી મુરાદ ઈમામ છે. તમો જે કંઈ કરો છો તેનાથી ખુદા જાણકાર છે.

**'તગાબોન'** ગબનથી છે કે જેનો અર્થ ફાયદો છે. કોઈને વ્યાપારમાં નફો પહોંચે તેને ગાબોન કહે છે અને જો નુકસાન પહોંચે તેને મગબુન કહે છે. કયામતના દિવસે મોમિન પોતાની દુનિયાની કુરબાનીઓના કારણે જન્નતી નેઅમતો મેળવશે જે ગાબોન કહેવાશે પણ તેની વિરૂધ્ધ જે દુનિયામાં રહીને જન્નત ખોઈ બેસે અને જહન્નમનો હકદાર થશે તેને મગબુન કહેવાશે એ માટે જ કયામતનો તગાબોનનો દિવસ કહેવામાં આવે છે.

જે લોકોએ કુફ્ર કર્યું અને અમારી આયતોને જૂઠલાવી તેઓ જહન્નમી છે અને તેઓ તેમાં હંમેશાં રહેશે અને એ જ સહુથી ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે. (ક્રમશઃ)

પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત



# જુંબિશે લબ



# جُنبشِ لب

## નઝમ ૧૨

سَلام اُس پر کہ جس کو مالکِ مُلکِ وفا کہیے — **સલામ ઉસ પર કે જિસકો માલિકે મુલ્કે વફા કહીયે,**

سَلام اُس پر کہ جس کو پیکرِ صبر و رضا کہیے — **સલામ ઉસ પર કે જિસકો પયકરે સબ્રો રઝા કહીયે.**

(એમના ઉપર સલામ થાય કે જેમને વફાદારીના મુલકના માલિક કહેવાય છે. એમના ઉપર સલામ થાય કે જેમને ધૈર્ય અને રજામંદીનું સાકાર સ્વરૂપ કહેવાય છે.)

سَلام اُس پر کہ جس کو رہبرِ راہِ خُدا کہیے — **સલામ ઉસ પર કે જિસકો રહેબરે રાહે ખુદા કહીયે,**

سَلام اُس پر کہ جس کو نورِ چشمِ مصطفٰے کہیے — **સલામ ઉસ પર કે જિસકો નૂરે ચશ્મે મુસ્તફા કહીયે.**

(એમના ઉપર સલામ થાય કે જેમને અલ્લાહના માર્ગના માર્ગદર્શક કહેવાય છે. એમના ઉપર સલામ થાય કે જેમને હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ની આંખોના નૂર (અર્થાત્ સુપુત્ર) કહેવાય છે.)

سَلام اُس پر کہ جس کو فاطمہؑ کا لاڈلا کہیے — **સલામ ઉસ પર કે જિસકો ફાતેમાકા લાડલા કહીયે,**

سَلام اُس پر کہ جس کو جانشینِ مُرتضٰی کہیے — **સલામ ઉસ પર કે જિસકો જાનશીને મુર્તઝા કહીયે.**

(એમના ઉપર સલામ થાય કે જેમને જનાબે ફાતેમા ઝેહરા(અ.)ના લાડકવાયા કહેવાય છે. એમના ઉપર સલામ થાય કે જેમને હઝરત અલી મુર્તઝા(અ.)ના ઉત્તરાધિકારી કહેવાય છે.)

سَلام اُس پر کہ جس کو پیشوائے دوسرا کہیے — **સલામ ઉસ પર કે જિસકો પેશવાએ દોસરા કહીયે,**

سَلام اُس پر کہ جس کو نیّرِ عرشِ عُلٰے کہیے — **સલામ ઉસ પર કે જિસકો નૈયરે અર્શે ઉલા કહીયે.**

(એમના ઉપર સલામ થાય કે જેમને આલોક અને પરલોક એમ બન્ને જગતના પેશવા કહેવાય છે. એમના ઉપર સલામ થાય કે જેમને અલ્લાહના ઉચ્ચ સિંહાસન અર્શના સૂર્ય કહેવાય છે.)

سَلام اُس پر کہ جس کو خامسِ آلِ عبا کہیے — **સલામ ઉસ પર કે જિસકો ખામિસે આલે અબા કહીયે,**

سَلام اُس پر کہ جس کو شہسوارِ کربلا کہیے — **સલામ ઉસ પર કે જિસકો શેહસવારે કરબલા કહીયે.**

(એમના ઉપર સલામ થાય કે જેમને આલે મોહંમદ(સ.)માં પાંચમા કહેવાય છે. એમના ઉપર સલામ થાય કે જેમને કરબલાના કુશળ ઘોડેસવાર કહેવાય છે.)

سَلام اُس پر کہ جس نے دوشِ احمدؐ پر سواری کی — **સલામ ઉસ પર કે જિસને દોશે એહમદ પર સવારી કી,**

سَلام اُس پر کہ جس نے راہِ حق میں جاں نثاری کی — **સલામ ઉસ પર કે જિસને રાહે હકમેં જાંનિસારી કી.**

(એમના ઉપર સલામ થાય કે જેમણે હઝરત રસૂલે ખુદા(સ.)ના ખભા ઉપર સવારી કરી હતી. એમના ઉપર સલામ થાય કે જેમણે અલ્લાહના માર્ગમાં પોતાનો જીવ સમર્પિત કરી દીધો.)

| | |
|---|---|
| جھکا دو سر ادب سے مومنو لب پر وہ نام آیا | **ઝુકા દો સર અદબસે મોમિનો લબ પર વો નામ આયા,** |
| کہ جس پر ہے ظہیرؔ بےنوا سو جان سے شیدا | **કે જિસ પર હૈ 'ઝહીરે' બેનવા સો જાનસે શયદા.** |

(અય મોમિનો ! અદબપૂર્વક તમારાં મસ્તક ઝુકાવી દો કેમકે હોઠ ઉપર એવું નામ આવ્યું છે કે જેના ઉપર કંગાળ '**ઝહીર**'ના એકસો જીવ મુગ્ધ બની જાય.)

| | |
|---|---|
| سَلام اُس پر حسینؑ ابنِ علیؑ کہتے ہیں سب جسکو | **સલામ ઉસ પર હુસૈન ઈબ્ને અલી કહેતે હૈ સબ જિસકો,** |
| سَلام اُس پر جری ابنِ جری کہتے ہیں سب جسکو | **સલામ ઉસ પર જરી ઈબ્ને જરી કહેતે હૈ સબ જિસકો.** |

(એમના ઉપર સલામ થાયકે જેમને બધા લોકો હુસૈન ઈબ્ને અલી(અ.) કહે છે. એમના ઉપર સલામ થાય કે જેમને બધા લોકો વીરપુરૂષના પુત્ર વીરપુરૂષ કહે છે.) *

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૭ના જવાબો**

(૧) શનિવારને (૨) જંગે સિફ્ફીનમાં (૩) હરામ છે (૪) સ્નાન કરવું (૫) નમાઝે વિતરની નિય્યતથી (૬) છ (૭) સમજણો થઈ ગયા પછી (૮) જન્મના સાતમા દિવસે

**G. K. Corner Solution 107**

(૧) રેતી, સોડા, ક્વાર્ટઝ (૨) ૧૮ મે, ૧૯૭૪માં (૩) નાઈન્ટી ઈસ્ટ ખાડી (૪) ફજેન્ડા (૫) અરૂણાચલ પ્રદેશ (૬) કોયલ (૭) હિન્દ મહાસાગર


**નવાને આવકારો**
**જુનાથી મેળવો છુટકારો**

**અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે**

**METRO®**
**છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા**



- ▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
- ▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
- ▶ સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રક્ચર અને બોડી



**OUR OTHER PRODUCTS**
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

**MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)**
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેકસ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

**Mfg. By : PERFECT ENGINEERS**
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬,
મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

**ફારસીના મહાન કવિ શેખ સાઅદીની**

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

(ગતાંકનું ચાલુ)

## Forgiveness (માફી-ક્ષમા)

به لطافت چو بر نیاید کار
سر به بی حُرمتی کشد ناچار
هر که بر خویشتن نبخشاید
گر نبخشد کسی بر او، شاید

**બા લતાફત ચૂ બર નયાયદ કાર**
**સર બા બી હુર્મતી કશદ ના ચાર**
**હર કે બર ખવિશ્તન નબખુશાયદ**
**ગર નબખુશદ કસી બર અવ શાયદ**

(જ્યારે કોઈ વિવાદનું પ્રેમપૂર્વક સમાધાન ન થાય તો તે બાબત કટુતામાં પરિણમશે. જે માણસ કોઈને માફ કરવા ન ઈચ્છતો હોય તો તે બીજાઓ દ્વારા માફ કરવાને પાત્ર નથી.)

این دو چیزم بر گناه انگیختند
بخت نافرجام و عقلِ ناتمام
گر گرَفتارم کنی، مستوجبم
ور ببخشی، عفو بهتر کِانتقام

**ઈ દો ચીઝમ બર ગુનાહ અંગીખતંદ**
**બાખત નાફર જામ વ અકલે નાતમામ**
**ગર ગિરફતારમ કુની, મસ્તૂ જબામ**
**વર બાબાખ્શી અફવ બોહતર કે ઈન્તોકામ**

(આ બે વસ્તુઓએ મને ગુનાહ તરફ પ્રેરિત કર્યો છે; બદનસીબે અને અધકચરા કારણે. જો તમે મને શિક્ષા કરશો તો તે શિક્ષા માટે હું પાત્ર છું પરંતુ જો તમે મને માફ કરી દેશો તો વેરભાવના કરતાં ક્ષમાવૃત્તિ વધારે સારી બાબત છે.)

آنرا که بجای تست هر دم کرمی
عذرش بِنِه ار کند به عمری ستمی

**આનારા કે બાજાઈ તસ્ત હરદમ કર્મી**
**અઝરશ બોનોહ અર કુનદ બા ઉમ્રી સતમી**

(જે માણસ તમારી સાથે ઉદારતા દર્શાવતો હોય તેને માફ કરી દો, ભલેને પછી તે પોતાના જીવન દરમિયાન ફક્ત એકાદ વાર તમારા માટે નુકસાનનું કારણ બનતો હોય.)

عذر تقصیر خدمت آوردم
که ندَارم به طاَعت استظهار
عاصیان از گناه توبه کنند
عارفان از عبادت استغفار

**ઉઝરે તકસીરે ખિદમત આવરદમ**
**કે નદારમ બો તાઅત ઈસ્તઝહાર**
**આસીયાન અઝ ગુનાહ તૌબા કુનંદ**
**આરિફાન અઝ ઈબાદત ઈસ્તગફાર**

(મારી ખામીઓ માટે હું માફી માગું છું કેમકે હું મારી ઈબાદત ઉપર આધાર રાખી શકતો નથી. ગુનેગારો હંમેશાં પોતાના ગુનાહોની તૌબા કરે છે જ્યારે બ્રહ્મજ્ઞાની(માઅરેફતવાળા) લોકો પોતાની અનુચિત ઈબાદત માટે માફીની યાચના કરતા રહેતા હોય છે.)

## Friendship (મિત્રતા/દોસ્તી)

دوست مشمار آنکه درنعمت زند
لافِ یاری و برادر خواندگی
دوسَت آن دانم که گیرد دست دوست
در پریشان حالی و درماندگی

**દોસ્ત મિશમાર આંકે દર નોઅમત ઝનદ**
**લાફે યારી વ બિરાદર ખ્વાનદગી**
**દોસ્ત આં દાનમ કે ગૈરદ દસ્ત દોસ્ત**
**દર પરેશાન હાલી વ દરમાનદગી**

(જ્યારે તમે સમૃધ્ધિવાન હો ત્યારે જે મિત્રતાની અને ભાતૃપ્રેમની બડાઈ હાંકતો હોય તેવાને મિત્ર ગણતા નહીં. હું તો એને જ સાચો મિત્ર ગણું છું કે જે પ્રતિકૂળ સંજોગોમાં અને જરૂરિયાત વખતે પોતાના મિત્રની મદદ કરતો હોય.)

**پای در زنجیر پیش دوستان**

**بِه که با بیگانگان در بوستان**

**પાયી દર ઝંજીર પેશ દોસ્તાન**
**બેહ કે બા બેગાનગાન દર બોસ્તાન**

(કોઈ બગીચામાં અજાણ્યા માણસોની સાથે હોવું એના કરતાં તો પગોમાં બેડીઓ હોય અને મિત્રોની સાથે હોઈએ તે વધારે પસંદગીને પાત્ર બાબત છે.)

**بشوی ای خردمند ازآن دوست دست**

**که با دشمنانت بود هم نشست**

**બાશવી ઈ ખર્દમંદ અઝઆન દોસ્ત દસ્ત,**
**કે બા દુશ્મનાનત બૂદ હમ નશસ્ત.**

(અય ડાહ્યા માણસ ! એવા મિત્રથી હાથ ધોઈ નાખજે કે જે તારા દુશ્મનો સાથે ભળતો રહેતો હોય.)

**Frugality (કરકસર)**

**چو دخلت نیست، خرج آهسته تر کن**

**کـه می گـویـنـد مـلّاحـان سـرودی**

**اگـر بـاران بـه کـوهـسـتـان نـبـارد**

**بـه سالی دجله گـردد خـشـک رودی**

**ચૂ દખલત નીસ્ત, ખર્જ આહિસ્તા તરકુન**
**કે મી ગવીન્દ મુલ્લાહાન સરવદી**
**અગર બારાન બે કોહિસ્તાન નબારદ**
**બે સાલી દજલા ગરદિદ ખુશ્ક રૂદી**

(જ્યારે તમારે કોઈ આવક ન હોય તો ખર્ચ કરવાની બાબતમાં કરકસર ન કરો કેમકે નાવિકો આવું ગીત ગાતા હોય છે : **'જો પર્વતોમાં વરસાદ જ ન વરસે તો ટાયગ્રીસ(દજલા) નદી એક જ વર્ષમાં** સૂકાઈ જશે.' ✻



મો. ૮૧૪૦૯૩૨૫૦૩
મો. ૯૯૨૫૫૪૭૭૯૩
(પીંપોદરવાળા)

**વર્લ્ડ ફેશન સિલેક્શન**

● જીન્સ પેન્ટ ● ટી શર્ટ
● કોટન તથા સ્ટ્રેચેબલ પેન્ટ
● ઈમ્પોર્ટેડ પેન્ટ ● કોટન શર્ટ સ્પેશ્યાલિસ્ટ

વડનગર ચક્કી પાસે,
ખાડીયા ચાર રસ્તા, ડો. ગાંધી રોડ, હિંમતનગર

ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

મળો જૂના અને જાણીતા
☞ બશીરભાઈ
દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,
આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૭૪

**સુણ પંથી, પીયા પંથ પીતસું ચલના,**
**બિન પીત પીયા પંથ નાં પાર ઉતરના.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે તરીકતના પંથી ! તું મારી વાત સાંભળ કે પીયુના પંથ ઉપર ચાલવું હોય તો પ્રીત સાથે જ ચાલવું પડે. પ્રીત વગર પીયાના પંથ ઉપર પાર ઉતરી શકાય નહીં.)

**પંથી પીયા પંથમાં નિત ઉઠ જાગે,**
**ને પંથ પીયા પાસ સુધા માગે.**

(તરીકતનો પંથી હંમેશાં દરરોજ ઉઠીને જાગતો હોય છે અને તે પોતાના પીયાને સીધા માર્ગે ચલાવવાની વિનંતી કરતો હોય છે.)

**જો બેરાગ પંથમાં પીતકા રાખે,**
**તબ જાને દુજેકું ભેદ રાહકા દાખે.**

(જો તરીકતનો પંથી પંથમાં પીયુ પ્રત્યેની પ્રીતનો વૈરાગ્ય રાખે ત્યારે જ તેને ખબર પડે અને તે બીજા લોકોને આ માર્ગનો ભેદ બતાવી શકે.)

**જો બિન પીત ભેદ પંથી રે કે'વે,**
**તો બેદ ઉસ પંથી દિલ સુધા નાં રે'વે.**

(જો તરીકતનો પંથી પીયુની પ્રીત વગર અન્ય માણસને ભેદ કહે તો ધર્મશાસ્ત્રની વાતો તે પંથીના દિલ સુધી સીધી પહોંચી શકે નહીં.)

**જો બિન બેદ સુધા ભેદ કું આખે,**
**તો દુજેકું અવલા ખોલ કર દાખે.**

(જો તરીકતનો પંથ ધર્મશાસ્ત્રના જ્ઞાન વગર અન્યને સીધે સીધો ભેદ બતાવી દે તો તે બીજા માણસને તે અવળો ભેદ ખોલીને બતાવશે.)

**તો અઝાઝીલ જેસા એ પંથીને ભણીએ,**
**તો અઝાઝીલ સાથે ઉસકું ગણીએ.**

(જો તરીકતનો પંથી આવું કરે તો તેને અઝાઝીલ શયતાન જેવો જ કહેવો અને તેને અઝાઝીલની સાથે જ ગણી લેવો.)

**અઝાઝીલ કાંમા કે રાહા ભુલાવે,**
**જો પંથી આખે એસા, તો વેસા કા'વે.**

(અઝાઝીલ શયતાનનું કામ જ સાચા માર્ગને ભૂલાવી દેવાનું છે. જો તરીકતનો પંથી આવું કહે તો તેને પણ અઝાઝીલ જેવો જ કહેવાય.)

**જો દુરિજન જેસા આપ કાંમ કીજે,**
**તો પંથ રે પીયાકા ક્યું કર લીજે ?**

(જો પંથી પોતે દુરિજનના જેવું જ કાર્ય કરે તો પછી તે પીયાનો પંથ કેવી રીતે લઈ શકે ?)

**જો દોઝખ પંથ જીભે કમાયા,**
**તો દેખોને અઝાઝીલ દોઝખ બાયા.**

